RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 137 Dt. 10-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### છ વર્ષનો રાષ્ટ્રવ્યાપી ડેટા પૂરો પાડવાનો નિર્દેશ

# ગુમ થયેલ બાળકોનો રિપોર્ટ આપો : સુપ્રીમ

## વધતી સંખ્યા પર રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને અધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ

નવીદિલ્હી, તા. ૯
સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને દેશભરમાં ગુમ થયેલા બાળકોનો છ વર્ષનો રાષ્ટ્રવ્યાપી ડેટા પૂરો પાડવાનો નિર્દેશ આપ્યો હતો. બાળ અધિકારો અને માનવ તસ્કરી વિરોધી કાર્ય કરતી બિન-લાભકારી સંસ્થા ગુરિયા સ્વયંસેવક સંસ્થા દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી કરતી ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચ દ્વારા આ આદેશ આપવામાં આવ્યો હતો.



અરજીમાં ગુમ થયેલા બાળકોની વધતી સંખ્યા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય અધિકારીઓ વચ્ચે સંકલનના અભાવ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ ચિંતાઓને સંબોધતા, બેન્ચે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ગુમ થયેલા બાળકોનો ડેટા એકત્રિત કરવા અને અપડેટ કરવામાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંકલનની દેખરેખ માટે એક સમર્પિત અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ અધિકારી સમયસર રિપોર્ટિંગ અને ડેટા સંગ્રહમાં સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે પણ જવાબદાર રહેશે.

અગાઉ, કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગુમ થયેલા બાળકોના કેસો માટે પોતાના નોડલ અધિકારીઓની નિમણૂક કરવાનો અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો તાત્કાલિક અપલોડ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ પોર્ટલ સંવેદનશીલ બાળકોને ટ્રેક કરવા અને સહાય કરવા માટે એક રાષ્ટ્રીય સિસ્ટમ તરીકે કામ કરે છે, પરંતુ કોર્ટે ડેટા એન્ટ્રી અને પાલનમાં સતત ખામીઓ નોંધી છે. સુનાવણી દરમિયાન, બેન્ચે પુનરોચ્ચાર કર્યો કે બાળકોની શોધ કરવા, તસ્કરીના વલણોનું નિરીક્ષણ કરવા અને પ્રણાલીગત ખામીઓને ઓળખવા માટે વિશ્વસનીય, અદ્યતન ડેટા આવશ્યક છે. ન્યાયાધીશોએ ભાર મૂક્યો કે આ સમસ્યા ચોક્કસ ક્ષેત્રો સુધી મર્યાદિત નથી; ઘણા રાજ્યોમાં ગુમ થયેલા સગીરોના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે.

કોર્ટના નવા નિર્દેશથી વધુ જવાબદારી લાવવાની અને રાષ્ટ્રીય અને રાજ્ય પ્રણાલીઓને સુવ્યવસ્થિત કરવાની અપેક્ષા છે. કેન્દ્ર સરકારે હવે છ વર્ષનો ડેટાસેટ પૂરો પાડવાની અને સમર્પિત ગૃહ મંત્રાલય અધિકારીની નિમણૂક અને કામગીરી અંગે કોર્ટને અપડેટ કરવાની જરૂર પડશે. કેન્દ્ર સરકાર વિનંતી કરેલી માહિતી સબમિટ કર્યા પછી કેસની ફરીથી સુનાવણી કરવામાં આવશે, જે ભારતની બાળ સુરક્ષા અને ટ્રેકિંગ સિસ્ટમમાં સંભવિત સુધારા માટે માર્ગ મોકળો કરશે.

# AI ક્ષેત્રે માઈક્રોસોફ્ટ કરશે ૧.૫૦ લાખ કરોડનું રોકાણ

## આગામી ચાર વર્ષોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે ભારતની થશે કાયાપલટ

નવીદિલ્હી, તા. ૯
યુએસ ટેક જાયન્ટ માઇક્રોસોફ્ટ ભારતમાં ૧૭.૫ બિલિયન ડોલર (આશરે ૧.૫૮ લાખ કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. આ કંપનીનું એશિયામાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ હશે. માઇક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ મંગળવારે X પર એક પોસ્ટમાં આ જાહેરાત કરી હતી. ભારતમાં આ રોકાણ AI ક્ષેત્રમાં હશે. માઇક્રોસોફ્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કંપની આગામી ચાર વર્ષોમાં, ૨૦૨૬ થી ૨૦૨૯ દરમિયાન ભારતમાં ૧૭.૫ બિલિયન ડોલરનું રોકાણ કરશે, જેથી AIને વ્યાપક પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં મદદ મળે. ''આ જાન્યુઆરી ૨૦૨૫માં જાહેર કરાયેલ માઇક્રોસોફ્ટની ૩ બિલિયન ડોલરની અગાઉની પ્રતિબદ્ધતા ઉપરાંત છે,'' કંપનીએ નિવેદનમાં જણાવ્યું હતું.

માઇક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. બેઠક પછી, તેમણે ડ પર પીએમ મોદી સાથેનો ફોટો પોસ્ટ કર્યો. સત્ય નડેલાએ ફોટો સાથે માઇક્રોસોફ્ટની નવી રોકાણ યોજના વિશે માહિતી શેર કરી. સત્ય નડેલાએ ડ પર લખ્યું,



''માઈક્રોસોફ્ટ ભારતના ધ્યેયો અને મહત્વાકાંક્ષાઓને ટેકો આપવા માટે ૧૭.૫ બિલિયન પ્રતિબદ્ધ છે. આ એશિયામાં અત્યાર સુધીનું અમારું સૌથી મોટું રોકાણ હશે. આ ભારતના અઈ ભવિષ્ય માટે જરૂરી માળખાગત સુવિધાઓ, કુશળતા અને સાર્વભૌમ ક્ષમતાઓનું નિર્માણ કરશે.''

માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે તેનો હૈદરાબાદ સ્થિત ભારત દક્ષિણ મધ્ય ક્લાઉડ પ્રદેશ, જેમાં કુલ કદ લગભગ બે ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ છે, ૨૦૨૬ ના મધ્ય સુધીમાં કાર્યરત થઈ જશે. કંપનીએ ૨૦30 સુધીમાં ભારતમાં AI-સક્ષમ પ્રતિભા વિકસાવવાના લક્ષ્યને ૧૦ મિલિયનથી બમણું કરીને ૨૦ મિલિયન કરી દીધું છે.

### SIR મુદ્દે રાહુલ ગાંધીએ સંસદમાં સરકાર પર સાધ્યું નિશાન : વોટ ચોરીનો લગાવ્યો આરોપ

# તમામ સંસ્થાઓ પર ભાજપ ઈચ્છે છે કબજો

નવીદિલ્હી, તા. ૯
લોકસભામાં મતદાર યાદીઓના ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પર ચર્ચા દરમિયાન વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ભાષણ આપ્યું. ગાંધીની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે મતદાર યાદી અપડેટ દરમિયાન અનેક રાજ્યોમાં કથિત ગેરરીતિઓ અંગે રાજકીય ચર્ચા તીવ્ર બની છે. નાગરિકો અને સ્થાનિક અધિકારીઓની ચિંતાઓને ટાંકીને, વિપક્ષી પક્ષો SIR પ્રક્રિયાની વધુ પારદર્શિતા, જવાબદારી અને દેખરેખની માંગ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ''કબજે'' (કેપ્ચર) કરવાનો પણ આરોપ લગાવ્યો અને ચૂંટણી કમિશનરોની પસંદગી માટેની પ્રક્રિયા પર પણ સવાલ ઉઠાવ્યા. તેમણે પસંદગી સમિતિમાંથી CJI ને બાકાત રાખવા પર પણ સવાલ ઉઠાવ્યા.



કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર આકરા પ્રહારો કર્યા. ગાંધીએ આરોપ લગાવ્યો કે મહાત્મા ગાંધીની હત્યા પછી RSS એ ભારતના સંસ્થાકીય વાતાવરણમાં સંગઠનની ભૂમિકા વિશે વ્યાપક આરોપો લગાવ્યા. ગાંધીએ દાવો કર્યો કે ગાંધીની હત્યા પછી, આગળનું પગલું ભારતની સંસ્થાઓને સંપૂર્ણપણે કબજે કરવાનું હતું. રાહુલે કહ્યું કે આ રીતે, લોકશાહીના મુખ્ય સ્તંભો ધીમે ધીમે પ્રભાવિત થયા અથવા કબજે કરવામાં આવ્યા. આ દાવાઓને ચૂંટણી સુધારાઓના વ્યાપક સંદર્ભ સાથે જોડતા, કોંગ્રેસના નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સંસ્થાઓ પર નિયંત્રણ કેન્દ્રિત કરવાના પ્રયાસો લોકશાહી પ્રક્રિયાને સીધા નુકસાન પહોંચાડે છે અને ચૂંટણીની અખંડિતતાને નબળી પાડે છે.

ગાંધીએ ચૂંટણી કાયદામાં તાજેતરના ફેરફારો પર પણ સવાલ ઉઠાવ્યા અને પારદર્શિતા અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે પૂછ્યું, ''ઈઈઝટ સંબંધિત કાયદો કેમ બદલવામાં આવ્યો? ચૂંટણી પંચને ચૂંટણીના ૪૫ દિવસ પછી CCTV ફૂટેજનો નાશ કરવાની મંજૂરી આપતો કાયદો કેમ લાવવામાં આવ્યો? આની શું જરૂર હતી? આ 'ચૂંટણી ચોરી'નો મામલો છે.'' લોકસભામાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પર ચર્ચા દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર વિપક્ષના નેતા રાહુલ ગાંધીના આકરા પ્રહારનો જોરદાર વિરોધ અને વારંવાર વિક્ષેપોનો સામનો કરવો પડ્યો. ભારતની લોકશાહી ઓળખ માટે મુક્ત અને ન્યાયી ચૂંટણીના મહત્વ પર ભાર મૂકતા, રાહુલ ગાંધીએ લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન દેશને ''મતોથી વણાયેલ'' ગણાવ્યો.

સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) અને ચૂંટણી અખંડિતતાના મોટા મુદ્દાઓ પર બોલતા, ગાંધીએ કહ્યું કે ભારતની એકતા અને શક્તિ દરેક વ્યક્તિના મતની પવિત્રતામાંથી આવે છે. તેમણે ગૃહને કહ્યું કે આપણો દેશ મત દ્વારા વણાયેલો ફેબ્રિક છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે મતદાનનો અધિકાર ફક્ત એક પ્રક્રિયાગત કાર્ય નથી, પરંતુ એક એકીકરણ બળ છે જે પ્રદેશો, સમુદાયો અને રાજકીય જોડાણોમાં નાગરિકોને જોડે છે.

# આકારણી વર્ષ ૨૦૨૧-૨૨ના કેસનો નિકાલ કરવા SGSTની મથામણ

## અપીલના ૫૦૦૦ કેસ પેન્ડિંગઃ સ્ટેટ GSTનો સ્ટાફ મતદાર સુધારણા કામગીરીમાં હોવાથી ભારણ વધ્યું

રાજકોટ, તા. ૯
હાલ મતદાર સુધારણા ની કામગીરી સમગ્ર રાજ્યમાં ચાલી રહી છે અને અંતિમ તબક્કામાં આ કામગીરી પહોંચી ચૂકી છે ત્યારે ઝડપભેર કામ થાય તે માટે સરકારે વિવિધ વિભાગોના અધિકારીઓને આ કામે લગાડ્યા છે તેમાં સ્ટેટ જીએસટી વિભાગની વાત કરીએ તો નીચલો તમામ સ્ટાફ હાલ બુથ લેવલ અધિકારી તરીકે મતદાર સુધારણા ની કામગીરી કરે છે પરંતુ સામે કામનું ભારણ એ હૃદય વધી ચૂક્યું છે કે આકારણી વર્ષ ૨૦૨૧- ૨૨ ના જે કેસ છે તેને ૩૧ ડિસેમ્બર પહેલા પૂર્ણ કરવા ખૂબ જરૂરી છે માટે હાલ તેજ જીએસટી વિભાગ દ્વારા રાત્રી દરમિયાન અને રજાના દિવસોમાં પણ કામ કરવામાં આવી રહ્યું છે. સ્ટેટ જીએસટી વિભાગની વાત કરવામાં આવે તો અધિકારીઓ તથા કર્મચારીઓ હાલ થોડા હળવા થયા હોય તેવું જણાવ્યું છે જેથી પેન્ડિંગ રહી ગયેલા કેસોને તાકીદે નિવારવા માટેના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને હાલ આ તમામ કેસ હાથ ઉપર લેવાયા છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ૩૧ ડિસેમ્બર છેલ્લી છે ત્યારે ઉતાવળે વેપારીઓ તથા વકીલો ને બોલાવવામાં આવી રહ્યા છે અને જે કેસમાં જરૂરી વિગતો ખૂટતી હોય તે એકત્રિત કરવામાં આવી રહી છે. બીજી તરફ ચેકપોસ્ટ અપીલના ૪,000 થી ૫000 કેસ હજુ પણ પેન્ડિંગ છે જેને અધિકારીઓએ હાથ ઉપર લઈ લીધા છે ત્યારે આ કામગીરીને ગણતરીના દિવસોમાં પૂર્ણ કરવા માટે રવિવારના દિવસે પણ કામગીરી હાથ ધરાય છે.



વધુમાં જી.એસ.ટી.વિભાગનાં આધારભૂત સૂત્રો માંથી મળતી વિગતો મુજબ ડીસી અપીલ બે વિભાગ ૧૦ અને ડીસી અપીલ ૧૧ દ્વારા ચેકપોસ્ટ ઉપર પકડાયેલ ગાડીના અપીલ કેસમાં સેક્શન ૧૨૯ અને ૧૩૦ માં એક તરફી આદેશો કરાયા છે.સામાન્ય બાબત જેવી કે મધરાત્રીએ ઈવે બિલ એક્સપાયર્ડ થયેલ હોય, કે ટ્રક ડ્રાઇવર રસ્તો ભૂલેલો હોય, કે ટ્રાફિકના કારણે ગાડી મોડી પહોંચી હોય અને ઈવે બિલની વેલીડીટી પૂર્ણ થયેલ હોય, તેવા કેસમાં પણ જેન્યુનેશ ચકાસીયા વગર અપીલ અધિકારીઓના એક તરફી આદેશો થયા છે. છેલ્લા ઘણા સમયથી હાલ રોડ ઉપર ચાલતા ભારે માલ વાહકોને ઘણી ખરી તકલીફો પડી હોવાનું પણ માલુમ પડ્યું હતું કારણ કે કોઈ કારણોસર એ બીલ એક્સપાયર થઈ જાય તો પણ તે ગુનાહિત પ્રવૃત્તિ જ માનવામાં આવે છે ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલ જે નિર્ણયો કરવામાં આવી રહ્યા છે તેનાથી વેપારીઓમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે .

દર વખતે સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા જ્યારે ડેડ લાઈન નજીક આવે તે સમયે જ કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે અને તેના કારણે અન્ય ઘણા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. હાલ બેડ લાઈન નજીક હોવાના કારણે એક તરફી આદેશો થયા હોવાનું પણ અરજદારો ફરિયાદ કરી રહ્યા છે પરંતુ સત્ય હકીકત શું છે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી અને આ બાબતે અધિકારીઓ પણ કંઈ બોલવા તૈયાર થતા નથી. ત્યારે પ્રશ્ન એ છે કે આવનારા દિવસોમાં હાલ કયા પ્રકારે સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ઘોષ બોલાવવામાં આવશે તે હવે જોવાનું રહ્યું. કારણકે વિભાગ એ ટાર્ગેટ પણ પૂર્ણ કરવાના છે અને આકારણી વર્ષના જે પેન્ડિંગ કેસો છે તેનું પણ નિવારણ લાવવાનું છે.

# વિનોદ ડેનિમ પર ઇન્કમટેક્સની સ્ટ્રાઈક

## ૩૫ થી વધુ સ્થળો પર ૧૫૦ થી વધુ અધિકારીઓ તપાસમાં : રાજકોટના અધિકારીઓ પણ જોડાયા : સેટેલાઇટ, નારોલ, પીરાણા, સૈજપુર અને પીપળજ જેવા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચાલુ

અમદાવાદ , તા. ૯
આવકવેરા વિભાગે શહેરમાં ડેનિમ જીન્સ બનાવતી મુખ્ય કંપની વિનોદ ગ્રુપને નિશાન બનાવીને મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. અહેવાલો દર્શાવે છે કે કંપની સાથે જોડાયેલા ૩૫ થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે, જેમાં ડિરેક્ટર વિનોદ મિત્તલ અને તેમના ભાઈ સહિત ૧૯ વ્યક્તિઓના ઘરોનો સમાવેશ થાય છે. ચાલુ તપાસના ભાગ રૂપે, સેટેલાઇટ, નારોલ, પીરાણા, સૈજપુર અને પીપળજ જેવા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

એવું જાણવા મળ્યું છે કે રાજ્યની તપાસ શાખાના ૧૫૦ થી વધુ અધિકારીઓ, જેમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરાની ટીમો પણ સામેલ છે, આજે સવારે શરૂ થયેલા આ ઓપરેશનમાં સામેલ છે. આ પગલાથી શહેરના કાપડ વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. લિસ્ટેડ કંપની વિનોદ ડેનિમ લિમિટેડ, સરખેજ-ગાંધીનગર હાઈવે પર મોન્ડેલિયમ હાઇટ્સમાં તેની કોર્પોરેટ ઓફિસ, પીપળજ ઔદ્યોગિક વિસ્તારમાં તેની મુખ્ય ફેક્ટરી અને અમદાવાદમાં ચાર અન્ય એકમો ધરાવે છે. કંપની ૨૫ થી વધુ દેશોમાં ડેનિમની નિકાસ કરે છે. અહેવાલો અનુસાર, ચાલુ તપાસમાં બિનહિસાબી રોકડ અને દસ્તાવેજો સહિતની ગેરરીતિઓ બહાર આવી શકે છે, જેના કારણે આગામી થોડા દિવસોમાં કરોડોની બિનહિસાબી આવકનો પર્દાફાશ થઈ શકે છે.

આવકવેરા વિભાગ તરફથી હજી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો કહે છે કે આ કાર્યવાહી લાંબી ચાલી શકે છે અને વધુ




સ્થળો પર પણ દરોડા વધારવાની શક્યતા છે. આ મેગા ઓપરેશનને કારણે વેપારી વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી રહી છે અને સમગ્ર શહેરમાં અનેક વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

નાણાકીય અનિયમિતતા, બિનહિસાબી વ્યવહાર અને સંભવિત કરચોરીના મામલે આ દરોડા કરવામાં આવ્યા છે. વિભાગે મહત્વપૂર્ણ દસ્તાવેજો, ડિજિટલ ડેટા અને હિસાબી રેકોર્ડ્સ સીલ કરી તપાસ શરૂ કરી છે. આ સર્ચ ઓપરેશનમાં ૧૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હોવાનું જાણવા મળ્યું છે. આવકવેરા વિભાગે વહેલી સવારે ટીમોને અલગ-અલગ ઝોનમાં વિભાજિત કરી વિવિધ ઓફિસ, રહેણાંક મકાનો, ગોડાઉનો અને અન્ય કમર્શિયલ સ્થળોએ કાર્યવાહી હાથ ધરાવી.

આપવામાં આવેલા ટાર્ગેટને નજીક પહોંચવા સમયાંતરે આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે જેમાં તેઓને ધારી સફળતા મળી રહી છે. વિનોદ ટેક્સટાઇલ્સ ઉપર બરોડા પડતા ની સાથે જ ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા અન્ય મોટા ગજાના વેપારીઓ પણ હાલ તકલીફમાં મુકાયા છે. કારણકે દરોડા ના પ્રથમ દિવસે જ વિભાગને ઘણી ફોટા વિગતો મળી છે અને ઘણા ડિજિટલ ડેટાઓ પણ મળી આવ્યા છે. ત્યારે આ દરોડા હજુ પણ ત્રણેક દિવસ ચાલે તો નવાઈ નહીં રાજકોટની ખાંસી અનુભવી ટીમ પણ આ સરચ ઓપરેશનમાં હોવાનું જણાયું છે. પ્રાથમિક તબક્કે હાલ જે પણ નાણાકીય ગતિવિધિ કરવામાં આવી હોય અથવા તો બે નામી વ્યવહારો કરેલા હોય તેના તમામ પુરાવાઓ એકત્રિત કરવામાં આવી રહ્યા છે દસ્તાવેજોની સાથોસાથ ઘણી ખરી ચીજ વસ્તુઓ આવકવેરા વિભાગ દ્વારા સીઝ કરી લેવામાં આવી હોવાનું પણ જણાયું છે ત્યારે વિભાગને આશા છે કે આ દરોડામાં તેઓને ધારી સફળતા મળશે.

# વિકસિત ગુજરાત સ્ટ્રેટેજી રૂમનું લોકાર્પણ








રાજકોટ, તા. ૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન- GRITની બીજી ગવર્નિંગ બોડીના અધ્યક્ષસ્થાનેથી સ્પષ્ટપણે જણાવ્યું કે, GRIT વિકસિત ગુજરાત૨૦૪૭ અને ગુજરાત૨૦૩૫નો રોડ મેપ સાકાર કરવામાં મહત્વપુર્ણ ભૂમિકા નિભાવશે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, GRIT દ્વારા વિભાગોના અને વિવિધ યોજનાઓના રોજબરોજના કામોના ડેટા ઉપલબ્ધ થઈ ગયા છે. તેના અસરકારક અમલીકરણ અને કામોને વધુ ગતિ આપવા આ ડેટા મહત્વપૂર્ણ બનશે. આના પરિણામે વિકસિત ગુજરાત ૨૦૪૭ ગુજરાત૨૦૩૫ માટે જે વિભાગો પર વધુ ફોકસ કરવાની જરૂરિયાત છે. તે જાણીને એ દિશામાં આગળ વધી શકાશે.

વિકસિત ગુજરાત ૨૦૪૭ ના નિર્માણ માટે ભવિષ્યલક્ષી વિકાસ આયોજનમાં થિંક ટેક તરીકે માર્ગદર્શન માટે GRITની રચના કરવામાં આવેલી છે. તેની બીજી ગવર્નિંગ બોડીની બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.મુખ્યમંત્રીએ આ બેઠક પહેલાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં વિકસિત ગુજરાત સ્ટ્રેટેજી રૂમનું લોકાર્પણ GRITની કચેરીમાં કર્યું હતું.

આ સ્ટ્રેટેજી રૂમમાં વિકસિત ગુજરાત ૨૦૪૭ ના લક્ષ્યોની પ્રાપ્તિ માટેની થઈ રહેલ વિવિધ કામગીરીઓ અને પ્રગતિનું એનાલિસિસ તથા યોજનાઓના અમલીકરણનું મૂલ્યાંકન અને કી પરફોર્મન્સ ઈન્ડિકેટર કે.પી.આઇ. ડેટા ટ્રેકિંગ સહિતની બહુવિધ કામગીરી હાથ ધરાશે. મુખ્યમંત્રી અને મંત્રીઓએ સ્ટ્રેટેજી રૂમમાં ઉપલબ્ધ ડિજિટલ ડેશ બોર્ડ, લાઇબ્રેરી, પોડકાસ્ટ એરિયા તથા સંશોધન અને વિશ્લેષણની ઉપલબ્ધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ આયોજન પ્રભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા રાજ્યના જિલ્લાઓના ડિસ્ટ્રિક્ટ ડોમેસ્ટિક પ્રોડક્ટ એસ્ટીમેટ્સનું વિમોચન પણ કર્યું હતું. આયોજન પ્રભાગે કરેલી આ નવતર પહેલથી હવે, બધા જ ઈન્ડિકેટર્સમાં ઈફેક્ટિવ લોકલ ડેવલપમેન્ટ પ્લાનિંગ તથા ઈન્કલુઝિવ અને સસ્ટેનેબલ ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ માટે પોલિસી મેકર્સને વધુ સરળતા રહેશે.

GRITના સી.ઈ.ઓ. એસ. અપર્ણાએ આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા GRITની રચના, ૨૦૨૫ના વર્ષમાં હાથ ધરાયેલા કામો, વિવિધ આયોજનો - વિકાસ




મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને GRITની ગવર્નિંગ બોડીની બીજી બેઠક સંપન્ન

કામોના અસરકારક અમલ માટેના સૂચનો તથા આગામી ૨૦૨૬ ના વર્ષના આયોજન પ્રસ્તુત કર્યા હતા. તેમણે ૨૦૪૭ સુધીમાં રાજ્યની ઇકોનોમીને ૪ ટ્રીલીયન ડોલર પહોંચાડવા તથા ૨૮૦ લાખ નવી રોજગારી સર્જન માટે રિજીયોનલ ઇકોનોમિક માસ્ટર પ્લાનની તૈયારીઓના આયોજનની વિગતો આપી હતી.આ ઉપરાંત એજ્યુકેશન, ફિશરીઝ, પોસ્ટ હાર્વેસ્ટિંગ મેનેજમેન્ટ, બ્લુ સ્કાય પોલિસી, ગ્રીન મેન્યુફેક્ચરિંગ અને સ્પાટિયલ કોમ્પ્યુટિંગ જેવા વિષયો પર રીવ્યુઝ, પોલીસી પેપર્સ, અભ્યાસ અને વર્કશોપના ૧૯ પ્રકાશનો તથા ટાસ્કફોર્સ કમિટીના ૩ અમલીકરણ સમીક્ષા અહેવાલોની ભલામણોના તારણો અને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ગુજરાત૨૦૩૫ માટે સ્ટેટ એજન્ડા તૈયાર કરવામાં પણ ગ્રીટની ભૂમિકા સહિતની સંપુર્ણ વિગતો આપી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રચના થયાના ૧૫ મહિનાના ટૂંકા સમયમાં જ GRIT ભવિષ્યલક્ષી થિંક ટેન્ક તરીકે ઉભરી આવ્યું છે તે માટે યુવા અને ઉત્સાહી ટીમની પ્રસંશા કરી હતી.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ GRITના આ ડેટાની વિગતોનું ઈન્ટિગ્રેશન કરીને આગામી બજેટ તૈયાર કરવામાં વિભાગો ઉપયોગમાં લઈ શકે તેવો સુજાવ આપ્યો હતો.મુખ્યમંત્રીએ ફોરવર્ડ લુકિંગ પોલિસી રિસર્ચ, ઈનોવેશન અને ટ્રાન્સફોર્મેશનલ ગવર્નન્સ માટે GRITને વધુ સક્ષમ અને પ્રિમિયર ઈન્સ્ટીટ્યુટ તરીકે પ્રસ્થાપિત કરવાની દર્શાવેલી પ્રતિબદ્ધતાને ગવર્નિંગ બોડીની આ બીજી બેઠકમાં સૌ સભ્યોએ બિરદાવી હતી.મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, નાણા વિભાગના અગ્ર સચિવ રાજીવ ટોપનો અને મુખ્યમંત્રીના સચિવ ડો.વિક્રાંત પાંડે તથા આયોજન સચિવ આદ્રા અગ્રવાલ સહિત વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

## નવા થોરાળામાં રસોડાના ભોંયરામાં છુપાવ્યો'તો ૩.૨૨ લાખનો દારૂઃ PCBનો દરોડો

રાજકોટ, તા. ૯

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના આદેશથી શહેર વિસ્તારમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પીસીબી દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે, નવા થોરાળા વિસ્તારમાં પોલીસે એક મકાનના રસોડાના પ્લેટફોર્મ નીચે ગુપ્ત રીતે બનાવેલા ભોંયરામાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પીસીબીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ કરી રહેલા એ.એસ.આઇ. મહીપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ અને પો.હેડ.કોન્સ. હરદેવસિંહ રાણાને દારૂના જથ્થા અંગે સંયુક્ત બાતમી મળી હતી. આ બાતમીના આધારે, નવા થોરાળા સર્વોદય સોસાયટી શેરી નં. ૫/૧ ના ખૂણે આવેલ એક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો.



તપાસ દરમિયાન, મકાનના રસોડામાં પ્લેટફોર્મની નીચે ભોંય તળીયે ગુપ્ત રીતે બનાવેલા રૂમ (ભોંયરા) માંથી 'ધ ઓલ સીઝન્સ ગોલ્ડન કલેકશન રીઝર્વ વ્હીસ્સકી'ની ૧૮૦ એમ.એલ. સાઈઝની કુલ ૯૬૦ બોટલનો જથ્થો મળી આવ્યો હતો. આ જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂપિયા ૩,૨૨,૫૬૦ થાય છે.

પોલીસે આ કેસમાં આરોપી કામીલ હાજીભાઇ ઓડીયા (રહે. નવા થોરાળા સર્વોદય સોસાયટી શેરી નં. ૫/૧, રાજકોટ)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને જેસીપી મહેન્દ્ર બગાડીયાની સૂચના મુજબ આ સમગ્ર સફળ કામગીરીમાં પી.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા અને એમ.જે. હુણ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર પી.બી. ત્રાજીયા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો.હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમાર સહિતની ટીમે સરાહનીય કામગીરી કરી હતી.

### ૨૦ કરોડના ખર્ચે બનેલા પુલની સ્થિતિ દયનીય : વારંવાર અકસ્માતોની બનતી ઘટના

## આમ્રપાલી અંડરબ્રિજમાં થુંકના સાંધા

રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકાની એક પણ કામગીરી નક્કર હોતી નથી કારણ કે ઘણા ખરા કિસ્સાઓમાં જે કામગીરી કરવામાં આવી હોય તે અત્યંત ખરાબ થઈ જાય છે અને છેલ્લે લોકોએ હેરાનગતિનો સામનો કરવો પડે છે. મળતી માહિતી મુજબ આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આ મ્યુનિસિપલ કમિશનર દ્વારા તમામ એજન્સીઓને તાકીદ કરવામાં આવી હતી અને ગુણવત્તા યુક્ત કામગીરી કરવા જણાવ્યું હતું. ત્યારે તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ વિવિધ શાખાઓ દ્વારા સમયાંતરે થતી કામગીરી ઉપર અવલોકન કરવામાં આવતું હોય છે. પરંતુ આમ્રપાલી અંડર બ્રિજ હેઠળ જે પાણી ભરાવવાનો પ્રશ્ન ઉભો થયો છે અને સતત પાણી છલકાતું હોય છે તેના કારણે વાહન ચાલકોને ભારે હેરાનગતિ નો સામનો કરવો પડે છે આ અંગેની એકવાર નહીં અને એક વખત રજૂઆત કરવામાં આવી હતી છતાં કોઈ નક્કર પરિણામ આજ દિન સુધી આવ્યું નથી જેને લઈને હાલ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.



મહાનગરપાલિકા દ્વારા થુંકના સાંધા સમાન કામ કરવામાં આવ્યું હોય તેવું જણાવ્યું છે. શહેરની મધ્યમાં આવેલા આમ્રપાલી રેલ લાઇન હેઠળના અંડરબ્રીજના કારણે રૈયા રોડનો ટ્રાફિકનો પ્રશ્ન ઘણો હળવો થઇ ગયો છે. પરંતુ રેલનગર બ્રીજની જેમ જ આમ્રપાલી બ્રીજમાં પણ છેલ્લા વરસાદ બાદ સતત પાણી છલકાતું હોય વાહન ચાલકો હેરાન થઇ રહ્યા છે.

ટુ વ્હીલર તો રીતસર સ્લીપ થઇ જાય એ રીતે ગંદુ પાણી જામી જતું હોય, આ જોખમ સામે તાજેતરમાં કોંગ્રેસે પણ વિરોધ કાર્યક્રમ આપ્યો હતો. ૨૦ કરોડના ખર્ચે બનેલા પુલની હાલત રેલનગર બ્રીજ જેવી જ થઇ ગઇ છે. હવે અંતે મહાપાલિકાએ બ્રીજ અંદર પાણીનો ભરાવો ઓવરફલો ન થાય તે માટે દિવાલે દિવાલ નાની પાળી બનાવવાનું કામ શરૂ કર્યુ છે. રેલનગરની જેમ જ સાઇડમાંથી પાણી ગટરની જેમ વહેતુ રહે તેવું કામ દેખાઇ રહ્યું છે.આમ કોર્પો.એ થીંગડુ મારવાની જ નોબત આવી છે. અધુરામાં પુરૂ આજે બપોરે અંડરબ્રીજમાં એક એસ.ટી. બસ ખોટકાઇને બંધ પડી જતા ટ્રાફિક અર્ધા ભાગમાંથી માંડ પસાર થતો જોવા મળ્યો હતો.

પ્રશ્ન એ છે કે આ કામ કેટલો અને કેવી રીતે ચાલશે કેટલા સમય માટે લોકોને રાહતની અનુભૂતિ થશે તે હવે આવનારો સમય જણાવશે પરંતુ એ વાત સ્પષ્ટ છે કે મહાનગરપાલિકા દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તેમાં જે નકરતા હોવી જોઈએ તેનો સંપૂર્ણપણે અભાવ જોવા મળે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ છે કે હાલના તબક્કે ઘણા અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે રેલ નગર બ્રિજનો પ્રશ્ન પણ હજુ શાંત થયો નથી ત્યાં આમ્રપાલી એન્ડ બ્રિજમાં જે પાણી ભરાવાનો પ્રશ્નો જોવા મળ્યો છે તે અત્યંત વિકટ છે અને લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે સામે તંત્ર પણ એ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં નિષ્ફળ નીવડી છે.

# આટકોટમાં નરાધમે બાળકીના ગુપ્તાંગમાં સળિયો ઘુસાડ્યો

### બાળકી પર દુષ્કર્મ પ્રયાસ કરી લોહીલુહાણ હાલતમાં મૂકી ફરાર : પોલીસે દબોચ્યો

રાજકોટ, તા. ૯

આટકોટમાં ૨૦૧૨માં દિલ્હીના નિર્ભયા કાંડ જેવી ઘટના સામે આવી છે. જેમાં સીમમાં મજૂરી કરતા પરિવારની ૬ વર્ષની બાળકી પર દુષ્કર્મ પ્રયાસ થયો હતો, હેવાન બનેલા નરાધમે સળિયા જેવું હથિયાર ગુપ્તાંગમાં ઘૂસાડી દીધુ હતું. ઘટના બાદ બાળકીને રાજકોટની જનાના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે. આ ઘટનામાં પોલીસે મુખ્ય આરોપીની ઓળખ કરી તેની ધરપકડ કરી છે.

ઘટનાની વિગતો મુજબ આટકોટ પોલીસ મથકની હદમાં આવતા એક ગામની વાડીમાં દાહોદ પંથકનો શ્રમિક પરિવાર ખેતરમાં ખેત મજૂરી કરે છે. ગત ૪ ડિસેમ્બરના રોજ આ શ્રમિક પરિવાર વાડીમાં કામ કરતો હતો, ત્યારે પરિવારની ૬ વર્ષની બાળકી વાડીમાં જ રમી રહી હતી. દરમિયાન એક અજાણ્યા શખ્સે બાળકીને ઉપાડી જઈ






તેના પર અત્યાચાર ગુજાર્યો હતો.

અહેવાલો મુજબ આરોપીએ બાળકીનું મોઢું દબાવી દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ બાળકીએ બુમાબુમ કરતા તેણે બાળકીના ગુપ્તાંગમાં સળિયા જેવું ધારદાર હથિયાર ઘુસાડી દીધું, જેના કારણે બાળકી ઘાયલ થઈ ગઈ હતી. બાદમાં આરોપી બાળકીને ત્યાં જ છોડીને ફરાર થઈ ગયો હતો. બીજી તરફ પરિવારે બાળકીની શોધખોળ શરૂ કરતાં તે નજીકમાંથી જ લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. જેથી તેને સારવાર માટે રાજકોટની જનાના હોસ્પિટલ ખસેડાઇ હતી.

આ પ્રકરણમાં પોલીસે ૧૦ જેટલી ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. જેમાં ૧૦૦થી વધુ શકમંદોની પૂછપરછ કરી હતી અને બાદમાં ૧૦ જેટલા આરોપીઓને ચાઈલ્ડ એક્સપર્ટને સાથે રાખીને બાળકી સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતા, જ્યાં બાળકીએ મુખ્ય આરોપી 30 વર્ષીય રામસીંગ તેરસીંગની ધરપકડ કરી છે. આરોપી મધ્ય પ્રદેશના અલીરાજપુરનો રહેવાસી છે. તે આટકોટમાં ભાગીયા તરીકે કામ કરે છે. આરોપી પરણિત છે અને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે.

...બેસણું...



મુ. જામનગર નિવાસી હાલ રાજકોટ
સ્વ. પ્રવિણાબેન હેમતલાલ ભાયાણી
સ્વ.તા. ૦૮/૧૨/૨૦૨૫ સોમવાર
ના રોજ દુઃખદ અવસાન થયેલ છે પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના

રાજકોટ મુકામે બેસણું
તા- ૧૧-૧૨-૨૦૨૫ ના રોજ
૪:૦૦ થી ૫:૦૦ કલાકે રાખેલ છે
સ્થળ :
શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર
શ્રી રામ પાર્ક, કેન્દ્રીય વિદ્યાલય પાછળ,
કાલાવડ રોડ, રાજકોટ -૩૯૦ ૦૦૪

જામનગર મુકામે બેસણું
તા- ૧૨-૧૨-૨૦૨૫ ના રોજ
૪:૦૦ થી ૫:૦૦ કલાકે રાખેલ છે
સ્થળ :
સ્ટારલાઈટ પાર્ટી પ્લોટ
વિક્ટોરિયા પૂલ થી ગુલાબનગર રોડ,
ધીરુભાઈ અંબાણી ચેમ્બર હોલ ની સામે,
જામનગર

લી.
સ્વ ધરમશી લીલાધર ભાયાણી
શ્રી હેમતલાલ ધરમશી ભાયાણી
શ્રી પ્રફુલભાઈ ધરમશી ભાયાણી (મોરબી)
શ્રી સુભાષભાઈ ધરમશી ભાયાણી (જામનગર)
શ્રી શૈલેષભાઈ ધરમશી ભાયાણી (જામનગર)
શ્રી પ્રેયશભાઈ હેમતલાલ ભાયાણી
શ્રી રિંકુભાઈ હેમતલાલ ભાયાણી
શ્રીમતી શીતલબેન વિજયકુમાર કેટિયા (લેસ્ટર)
શ્રી સાગરભાઈ પ્રેયશભાઈ ભાયાણી
શ્રી સાહિલભાઈ રિંકુભાઈ ભાયાણી
ભાયાણી પરિવાર ના જય શ્રી કૃષ્ણ
લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

# જમીન વાવતા ભાગીયાને વળતર આપો

## આદિવાસી પરિવાર મજુર સંઘ દ્વારા રેલીઃ અધિક કલેક્ટરને આવેદન

રાજકોટ, તા. ૯

સમગ્ર રાજ્યમાં હાલ જે કમોસમી વરસાદ અને માવઠું વરસ્યું તેનાથી ખેડૂતોને ખૂબ વ્યાપક નુકસાનીનો સામનો કરવો પડ્યો છે જે માટે સરકાર દ્વારા રાહત પેકેજની સહાય પૂરી પાડવામાં આવી છે પરંતુ તેની સામે જે ભાગ્યા મજૂરો છે તેઓને પણ વળતર મળી રહે તે માટે હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અગાઉ પણ સરકારને સંગઠન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ યોગ્ય નિર્ણય ન આવતા આદિવાસી પરિવાર મજુર સંઘના નેજા હેઠળ ભાગ્યા શ્રમિકો દ્વારા રેસકોસ કલેક્ટર કચેરી સુધી ખૂબ મોટી રેલી યોજી હતી અને અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

મળતી માહિતી મુજબ આદિવાસી પરિવાર મજુર સંઘના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે હાલ રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ભાગ્યા મજૂરો વર્ષોથી અન્યાયનો શિકાર બન્યા છે અને તેઓ શોષણનો ભાગ બને છે આ સંજોગોમાં જ્યારે માવઠું થયું તેનાથી નુકસાની ભાગ્ય મજૂરોને પણ થઈ છે ત્યારે સરકાર આ બાબતે યોગ્ય સર્વે કરે અને નુકસાનીનું મૂલ્યાંકન કરી તેઓને લાભ આપવામાં આવે. રાજ્ય સરકારે તાજેતરના અતિવૃષ્ટિને કારણે થયેલા નુકસાનનો સર્વે કર્યા પછી ખેડૂતોને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જારી કર્યું છે પરંતુ જે લોકો ખેતરોમાં કામ કરે છે અને પાક ઉગાડે છે તેઓ ભાગીયા મજૂર છે.

જેમને આનો લાભ નહીં મળે તેઓને નુકસાન થયું છે. ખેડૂતો દ્વારા ભાગિયા મજૂરોને બાકી લોન આપવામાં આવે છે. લોનના બદલામાં, ભાગિયા મજૂરોને ખેડૂતોના ખેતરોમાં દિવસ-રાત કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. નાની નાની બાબતોમાં દુર્વ્યવહાર અને હિંસા થાય છે.જેથી ભાગીયા મજૂરો માટે રાજય સરકારે તાબડતોબ પાક નુકશાનનું વળતર જાહેર કરવું આવશ્યક છે. આ ઉપરાંત ખેતીકામ દરમિયાન થતા અકસ્માતોમાં પણ હાલ ભાગીયા મજૂરોને કોઈ વળતર આપવામાં આવતુ ન હોય આ બાબતે તત્કાલ પગલા લેવા તેઓએ રજૂઆત કરી હતી.આ રેલીમાં શ્રમિકો વિશાળ સંખ્યામાં જોડાયા હતાં.

સંગઠન દ્વારા ભાગ્ય મજૂરોને જે મુશ્કેલીઓ પડી રહી છે તે અંગે ઘણું વેઠવું પડે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ જો યોગ્ય ઉકેલ લાવવામાં આવશે તો ઘણા ખરા પ્રશ્નોનું તાકીદે નિવારણ આવી શકશે પરંતુ હાલ પ્રાથમિક તબક્કામાં દરેક ભાગ્યા મજૂરોને નુકસાની નું વળતર આપવામાં આવે અને અકસ્માતમાં પણ તેઓને સહાય મળતી રહે તે મુજબની રજૂઆત અધિક કલેક્ટરને આવેદનપત્ર આપી કરવામાં આવી હતી. અગાઉ પણ આ અંગે અનેક ચર્ચાઓ થયેલી છે પરંતુ કોઈ નક્કર પરિણામ આજ દિન સુધી ન આવતા અંતે વિશાળ રેલી મારફતે કલેક્ટર કચેરી ખાતે તેઓએ આવેદનપત્ર આપ્યું હતું.



મનપાના જન્મ-મરણ વિભાગની કામગીરી પર ઉઠ્યા સવાલ

# જન્મ-મરણ પોર્ટલે ભારે કરી

### મૃતકની તારીખ જ પોર્ટલે બદલી નાખી : કર્મચારીઓનું કહેવું પોર્ટલમાં ક્ષતિ




રાજકોટ, તા. ૯

એક તરફ સરકાર ડિજિટલ ઇન્ડિયા ને પ્રોત્સાહન આપવા માટે દરેક નાણાકીય પ્રવૃત્તિઓ ડિજિટલ થાય તે માટેના પગલાંઓ લઈ રહી છે પરંતુ જે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તે આજ દિન સુધી કરવામાં આવી નથી. પરિણામ સ્વરૂપે ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ જન્મ મરણનું જે પોર્ટલ છે તેમાં ઘણી ક્ષતિઓ સામે આવી રહી છે અને હેરાનગતિ લાભાર્થીઓએ ભોગવી પડે છે. આ અંગેની જાણ સત્તાધીશો તથા અધિકારીઓને હોવા છતાં પણ કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી અને પોર્ટલમાં ક્ષતિ હોવાના ઉડાવ જવાબ કર્મચારીઓ દ્વારા આપી દેવામાં આવે છે.

ગઈકાલે જે છબરડો બહાર આવ્યો તેમાં મરણ ની તારીખ આગળ પાછળ કરી દેવાતા કોની ભૂલ તે અંગે હાલ ચર્ચાઓ ચાલી રહી છે પરંતુ તપાસ કરવામાં આવે તો સત્ય હકીકત બહાર આવે કે શું માનવ ભૂલનું કારણ છે કે પછી પોર્ટલમાં ક્ષતિ છે. મળતી માહિતી મુજબ હાલ જન્મ મરણ વિભાગની કામગીરી અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થયા છે. ત્યારે મહાનગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી કેન્દ્ર સરકારના પોર્ટલ ઉપર કામ કરવામાં આવી રહ્યું છે પરિણામ સ્વરૂપે ત્રણ ત્રણ રેકોર્ડ પર કામ કરવા ના પગલે વિભાગ અને નાગરિકો બંને હેરાન થઈ ગયા છે. વાત ત્યાં જ અટકતી નથી સર્વર પણ ડાઉન થઈ ગયા હોવાનું માલુમ પડ્યું છે અને ગુનાહિત બેદરકારી જેવો ભવાડો પણ છતો થયો છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ દાખલાની તારીખમાં દિવસ આગળ પાછળ થઈ ગયા છે ત્યારે તબીબના મૃત્યુના પ્રમાણપત્રમાં મૃત્યુની તારીખ ૫ નવેમ્બર ૨૦૨૫ અને સમય ૩:૦૦ વાગ્યાનો ઉલ્લેખ કરાયો હતો પરંતુ ડેટા જે પોર્ટલ પર ચડાવવામાં આવ્યો તેમાં અરજદાર ની મરણ તારીખ ૪ નવેમ્બર ૨૦૨૫ લખાઈને આવી.

જે દિવસે નાગરિકનું અવસાન થયું તેના એક દિવસ અગાઉનો દાખલો મળતા પરિવારને આંચકો લાગ્યો હતો અને તુરંત રજુઆત કરતા પોર્ટલની ક્ષતિ હોવાનો જવાબ સ્ટાફે આપ્યો હતો. કોંગી નેતા સુરેશ બથવારે આ અંગે અધિકારીનો સંપર્ક કર્યો હતો અને આ મોટી ભુલ રહી ગયાનુ ધ્યાન દોર્યુ હતું. મહિનાઓથી જન્મ-મરણ વિભાગમાં હજારો લોકો હેરાન થઇ રહ્યા છે. હાલ જે અરજદારો આવી રહ્યા છે તેઓ પણ હવે સ્વીકારીએ છે કે હાલ જે સરકારની નવી ડિજિટલ પોર્ટલની કામગીરી ચાલી રહી છે તેમાં હજુ પણ સમય લાગશે અને સ્ટાફની પણ જરૂરિયાત ઊભી થશે પરંતુ વાસ્તવિકતા એ છે કે આજ દિન સુધી અધિકારીઓ કે પછી પદાધિકારીઓ દ્વારા આ વિભાગની જાણે મુલાકાત લેવામાં આવી જ નથી કારણ કે જો તેમના દ્વારા આ જગ્યાએ હવામાં આવે તો તેઓને સાચી હકીકત માલુમ પડી શકે. જાણકાર વર્તુળો અને અરજદારો દ્વારા અનેક વખત પદાધિકારીઓને પણ આ અંગે રજૂઆત કરવામાં આવેલી છે પરંતુ યોગ્ય ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. એટલું જ નહીં તેમના દ્વારા સતત ફરિયાદ પણ કરવામાં આવે છે કે ઉચ્ચ અધિકારીઓને હાલના પદાધિકારીઓ પોતાની ચેમ્બરમાં બેસીને જ જે કામગીરી કરે છે તેનાથી સત્ય હકીકત વિભાગમાં શું ચાલે છે તેનો કોઈ અંદાજો નથી.

# પાનમસાલા-નોનવેજના વિક્રેતાઓ પર તવાઈ

### આરોગ્યની ટીમ દ્વારા લેવાયા નમુના : ૨૧ ધંધાર્થીઓ પર તપાસ, લાઇસન્સ ન હોય તેવા વિક્ર્તાઓનું પ્રમાણ વધ્યું

રાજકોટ, તા. ૯

આરોગ્ય વિભાગ દ્વારા હાલ વિવિધ વિસ્તારોમાં અને વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ કરતા વિક્રેતાઓ ઉપર તવાઈ બોલાવવામાં આવી રહી છે ત્યારે હવે મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા પાન મસાલા ના વેપાર કરતાં વક્રતાઓના નમુના તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવી રહ્યા છે સાથોસાથ એજન્સીઓની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. તો બીજી તરફ નોનવેજ ખોરાકનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે આ સામગ્રીના નમુના લેવાની કામગીરી પણ હાલ હાથ ધરાય છે. ત્યારે મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા જામનગર રોડ, માધાપર ગામ ખાતે આવેલી વિવિધ એજન્સીઓમાં રજનીગંધા કેસર પાન મસાલા, પુષ્કર ધામ સામે ગીરીરાજ કોમ્પ્લેક્ષમાં આવેલ ગીરીરાજ એજન્સીમાંથી મહેક સિલ્વર અને સિગ્નેચર ફાઇનેસ્ટ





પાન મસાલાના નમુના લઇને લેબોરેટરીમાં મોકલાયા છે. આ ઉપરાંત મા એજન્સીમાંથી જ તુલસી રોયલ ખજુર સિલ્વર કોટેડ ડેટસ, કુવાડવા રોડ પર ૧૨ લાતીપ્લોટમાં સાંઇ સોના સિંગમાંથી હળદર દાળીયાના નમુના લેવાયા હતા.

રૈયા રોડ, નહેરૂનગર-૫માં આવેલ રઝાનગર-૩માં મહોબ્બત ખપે એગ ઝોનમાંથી ઇંડા કરી સબ્જી અને ઇંડા મોગલાઇ સબ્જીના નમુના પણ લઇને પરીક્ષણમાં મોકલાયા છે. થોડા સમય પહેલા જ પાન મસાલામાં આરોગ્યને નુકસાન થાય તેવા ખતરનાક તત્વોની હાજરી મળી આવી હતી તે ઉલ્લેખનીય છે. દરમ્યાન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના ૮૦ ફૂટ રોડ વાવડી વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થીઓને ત્યાં ૨૧ નમુનાની ચકાસણી કરાઇ હતી. જેમાં ૬ ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના અપાઇ છે. જેમાં યોગી જનરલ સ્ટોર, શ્રી હરી સૂપર માર્કેટ, ગણેશ સુપર માર્કેટ, બેટર બન્સ બેકરી, ખોડીયાર ડેરી ફાર્મ, શ્રીરામ પ્રોવિઝન સ્ટોરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કોલ્ડ હાઉસ, બ્રહ્માણી જનરલ સ્ટોર, આઈ બોલ્સ આઈસ્ક્રીમ, રૂપલ ફરસાણ, દ્વારકેશ ડેરી ફાર્મ, મહાવીર કોલ્ડ્રીંક્સ, ભાગ્ય લક્ષ્મી ફરસાણ, બેક એન્ડ કેક , ગીરીરાજ ગૃહ ઉદ્યોગ, શિવ શક્તિ સુપર સ્ટોર, શુભ લક્ષ્મી કિરાણા સ્ટોર, મોવિયા આઈસ્ક્રીમ, પટેલ પ્રોવિઝન સ્ટોર, શ્રી હરિકૃષ્ણ પ્રોવિઝન સ્ટોર અને શિવ મેડીકેરમાં ચકાસણી કરવામાં આવી હતી. હાલ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા સાથોસાથ સેમ્પલ કામગીરી ઝડપી બનાવવામાં આવે તેવી પણ માંગણી ઉઠી રહી છે. હાલ કોઈ એક ચીજ વસ્તુઓના જે સેમ્પલ લેવામાં આવ્યા હોય તેનો રિપોર્ટ આવતા ચારથી પાંચ મહિના જેટલો સમય વીતી જાય છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે ગુજરાત ભરના નમૂનાઓની ચકાસણી એક જ સ્થાનેથી કરવામાં આવતી હોય છે ત્યારે સૌરાષ્ટ્રમાં હાલ આ પ્રકારની લેબોરેટરી ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

જેથી તપાસ અર્થે જે નમૂના મોકલવામાં આવ્યા હોય તેની યોગ્ય માહિતી મળી શકે અને સાચું કારણ સાબિત થઈ શકે જેથી વક્રતાઓ ઉપર કડક દંડનીય પગલા લેવામાં આવે હાલના તબક્કે જે પગલાં લેવામાં આવે છે તેમાં ખાસો સમય વીતી જાય છે તે હર્ષામાં લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાતું હોય છે.

# ૧૫ હજાર લિટર પેટ્રોલિયમનું સેમ્પલ ફેલ

### પુરવઠા વિભાગે તાલુકા મામલતદારને વસીલા પંપના સંચાલક સામે ફરિયાદ કરવા તાકીદ

રાજકોટ, તા. ૯

પુરવઠા વિભાગ દ્વારા હાલ જે કામગીરી કરવામાં આવી રહી છે તે માત્ર સસ્તા અનાજ પૂરતી જ સીમિત નથી પરંતુ ઘણા ખરા પ્રવાહી જેમકે પેટ્રોલિયમ પદાર્થનું વેચાણ કરતા વિક્રેતાઓ ઉપર પણ હાલ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે તપાસ હાથ ધરવામાં આવે છે. મળતી માહિતી મુજબ પુરવઠા વિભાગ દ્વારા થોડા સમય પૂર્વે વસીલા પેટ્રોલ પંપ પર તપાસ હાથ ધરવામાં આવી હતી અને પેટ્રોલનો ખૂબ મોટો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો અને સેમ્પલ અર્થે તેને લેબોરેટરીમાં પણ મોકલવામાં આવ્યો જ્યાં સેમ્પલ ફેલ થતા પુરવઠા વિભાગ દ્વારા તાલુકા મામલતદારને પેટ્રોલ પંપ ના સંચાલક વિરુદ્ધ ફરિયાદ કરવા જણાવ્યું હતું.



વાત કોઈ એક પેટ્રોલિયમ કે પેટ્રોલ પંપની નથી આ પ્રકારની ઘણી ખરી કામગીરી છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી છે ત્યારે કોઈ યોગ્ય ઉકેલ આવે તે ખૂબ જરૂરી છે. તો બીજી તરફ અત્યારે પણ ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે આ પ્રકારના પદાર્થ અથવા તો સામગ્રીનું વેચાણ કરતા હોય તેમના પર તાકીદે પગલાં લેવામાં આવે જે માટે અત્યારથી જ પુરવઠા વિભાગ સજ્જ થઈ ગયું છે અને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. મળતી માહિતી મુજબ આ કેસમાં તાલુકા મામલતદાર ક્યારે પોલીસ ફરિયાદ કરશે તે હવે જોવાનું રહ્યું. ત્યારે લેબોરેટરી ટેસ્ટીગમાં જે સેમ્પલ મોકલવામાં આવ્યું હતું તે શંકાસ્પદ હોવાનું માલુમ ભરતા જ તાકીદે તમામ જથ્થો સીઝ કરી લેવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે.

રાજકોટ જીલ્લા પુરવઠા શાખા અને તાલુકા મામલતદારની ટીમ દ્વારા રાજકોટ નજીકથી એક દરોડા દરમ્યાન વસીલા પેટ્રોલીયમ નામના પેટ્રોલ પંપ ઉપરથી શંકાસ્પદ પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો ઝડપી લીધો હતો અને આ પ્રવાહીના સેમ્પલ લઈ એફએસએલમાં ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા હતા.

દરમ્યાન લેબોરેટરી ચકાસણીમાં આ શંકાસ્પદ પ્રવાહીના સેમ્પલ ફેલ જાહેર થયા છે. આથી રાજકોટ જીલ્લા પુરવઠા અધિકારી અજય ઝાપડા દ્વારા આ બાબતે રાજકોટ તાલુકા મામલતદારને પોલીસ ફરીયાદ નોંધાવવા સુચના આપી હોવાનું જાણવા મળે છે.અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પુરવઠા અને તાલુકા મામલતદારની ટીમ દ્વારા વસીલા પેટ્રોલીયમમાંથી ૧૫૦૦૦ લીટર કે જેની આશરે રૂા.૧૦.૧૦ લાખ કિંમતનો શંકાસ્પદ પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો ઝડપી લેવાયો હતો અને આ પ્રવાહીના સેમ્પલો લઈ લેબોરેટરી ચકાસણી માટે મોકલાયા હતા. દરમ્યાન ઉપરોક્ત પ્રવાહીના સેમ્પલ ફેલ જાહેર થતા રાજકોટ જીલ્લા પુરવઠા અધિકારી અજય ઝાપડાએ આ બાબતે રાજકોટ તાલુકા મામલતદારને જવાબદાર પેટ્રોલ પંપના સંચાલક સામે પોલીસ દાખલ કરવા સુચના આપતા મામલતદારે પોલીસ માટે તજવીજ શરૂ કરી છે.

# મનપા વહેંચશે પોશ વિસ્તારના સાત પ્લોટ



### ૩૫૦ કરોડની નાણાકીય ખાદ્ય ઉભી થતા લીધો નિર્ણય

રાજકોટ, તા. ૯

દર વર્ષે મહાનગરપાલિકા દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવે છે તેમાં આવક અને ખર્ચનો શ્રોત નક્કી કરવામાં આવતો હોય છે ત્યારે આવક માટે હાલ મહાનગરપાલિકા માટે જે ટેક્સ છે તે જ સૌથી મોટી આવક છે પરંતુ બીજી તરફ જરૂરી એ છે કે હાલ મહાનગરપાલિકાની જે કામગીરી છે અને જે આવક છે તેમાં ઘણાખરા અંશે ઘટાડો જોવા મળ્યો છે ત્યારે ફરીથી આ ખાધને પુરવા માટે મનપા તેમના પ્લોટ વેચવા માટેની કામગીરી શરૂ કરી છે ત્યારે મહાનગરપાલિકાના પ્રાઈમ લોકેશન ના સાત પ્લોટ વેચવા માટેના પગલાઓ લેવામાં આવ્યા છે અને હાલ આ તમામ પ્લોટ માટેની કુલ અપસેટ કિંમત સાડા ત્રણસો કરોડ નક્કી કરવામાં આવી છે.

હાલ મહાનગરપાલિકા પોતાનો આવકનો સ્ત્રોત મજબૂત કરવા માટે પોઝ વિસ્તારમાં જે પ્લોટ આવેલા છે તેને વહેંચવા માટેના તમામ પગલાંઓ લેવામાં આવ્યા છે જેથી હાલ જે નાણાકીય ખાધ ઊભી થઈ છે તેની ભરપાઈ થઈ શકે ત્યારે મળતી માહિતી મુજબ પ્રાઈમ લોકેશન ના સાત પ્લોટ મનપાએ વહેંચવા કાઢ્યા છે. ગત બજેટમાં મહાનગરપાલિકાને અપેક્ષા હતી કે કોઈપણ પ્રકારની નાણાકીય ખાદ્ય ઊભી નહીં થાય અને જો થાય તો તે કોઈ મોટા પ્રમાણમાં નહીં હોય પરંતુ આ વખતે ૩૫૦ કરોડ જેટલી ખાદ્ય ઉભી થતા તેની ભરપાઈ કેવી રીતે કરવી તે અત્યારના માથાનો દુખાવો છે.

તંત્ર દ્વારા ત્રણ વર્ષ બાદ જમીન વેચાણ માટે કાર્યવાહી હાથ ધરાઇ છે. સરકાર દ્વારા અપાતા પ્લોટ નવા ભળતા વિસ્તારોના વિકાસ ફંડમાં કામ આવે છે. કોમર્શિયલ પ્લોટ તિજોરી માટે ઓકસીજનનું મોટુ કામ કરે છે. પરંતુ ચાર વર્ષથી રાજકોટમાં કોર્પો. પ્લોટ વેંચી શકયું નથી. પુરા ગુજરાતમાં વેંચાણ હેતુના પ્લોટ વેચવાની મંજુરી મળતી ન હતી. હવે રાજકોટ કોર્પો.ની હાલત જોતા વધુ એક વખત જમીન વેંચાણની બજેટમાં રહેલી જોગવાઇ કાગળમાંથી બહાર કાઢવામાં આવી છે. કોર્પો.માં પગાર સહિતના ખર્ચ વધતા જાય છે ત્યારે આર્થિક હાલત સમૃધ્ધ તો નહીં જ હોવાનું શાસકો પણ સ્વીકારે છે.

શહેરના મોટા પ્રોજેકટ માટે ગ્રાન્ટ સરકાર આપે છે પણ પગાર સહિતના મહેસુલી ખર્ચ માટે મનપાએ પોતાની આવક ઉપર જ આધાર રાખવાનો રહે છે. જેના લીધે પ્લોટનુ વેચાણ કરવુ અનિવાર્ય બન્યુ છે. આ વખતે પણ આવી સ્થિતિ જણાતા ચાલુ નાણાંકીય વર્ષમાં જ સાડા ત્રણસો કરોડની આવક જમીન વેચાણથી કરવા માટે કાર્યવાહી શરૂ થઈ છે. રીંગરોડ, રૈયા રોડ, મોરબી રોડ ઉપરના કિંમતી ટી.પી. પ્લોટના વેચાણ માટે પસંદ કરાયા છે. જોકે હજુ આ માટે ઓફર માંગવામાં આવી નથી. પરંતુ ભુતકાળમાં નાના મવા ચોકના પ્લોટમાં જેવો ડખ્ખો થયો તેવો કોઇ કેસ વર્તમાન કમિશ્નરના કાર્યકાળમાં ઉભો ન થાય તેનું ધ્યાન પણ ટીપી શાખા રાખી રહ્યું છે. જોવાનું કે મહાનગરપાલિકાની આ યોજના કેટલી કારગત નીવડે છે કારણ કે અગાઉ પણ મનપાના પ્લોટ વેચવા માટે કાઢવામાં આવ્યા હતા પરંતુ તેમાં વિરોધનો વંટોળ પણ સામે ઊભો થયો હતો. અને ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી ઉપર પણ પ્રશ્નો થયા હતા.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# આડઅસર

## લોક જાગૃતિ માટેના કાર્યક્રમો ગુન્હાખોરી માટેની પ્રેરણા બનવા લાગ્યા



ભારતમાં આઝાદીના સાડા સાત દાયકા બાદ પણ લોકોને પોતાના અધિકાર અને ફરજ પ્રત્યે જાગૃત કરવા અભ્યાનો ચલાવવા પડે છે. લોકોને જાગૃત કરવાના નામે ઘણા પોતાના ધંધા પણ કરતા હોય છે. એવું પણ બની રહ્યું છે કે જાગૃતિ માટેના કાર્યક્રમોની વિપરીત અસર થાય છે અને કાર્યક્રમો દુષ પ્રેરણા આપવા લાગ્યા છે.

ટીવીમાં બીગ બોસ નામનો કાર્યક્રમ રજૂ કરવાનો ઉદ્દેશ્ય શું હોય ? આ કાર્યક્રમ પ્રત્યક્ષ રૂપે દર્શકોને આડાપાટે ચઢાવવાની પ્રેરણા આપતો હોય તેમ નથી લાગતું ? વાત બીગ બોસની નથી કરવી પણ ગુન્હાખોરી સામે જાગૃત થવાના મુખ્ય ઉદ્દેશો સાથે રજૂ થતો ક્રાઈમ પેટ્રોલ ટીવી કાર્યક્રમ લોકપ્રિય છે. આ કાર્યક્રમથી લોકો સાવધાન બનવાને બદલે ક્રાઈમ કરવાના રવાડે ચડે તે બાબત સમાજ માટે ચિંતન કરવા જેવી છે.

કચ્છમાં એક ઘટના ખૂબ ચકચારી બની છે. એક તાંત્રિકે મહિલાને અર્ધ બેભાન કરીને તેની લાજ લૂંટવા પ્રયાસ કર્યો. અચાનક મહિલા જાગૃત અવસ્થામાં આવી જતા દેકારા કરી મૂક્યા. હાલ લફંગો તાંત્રિક પોલીસ તંત્રની મહેમાનગતિ માણે છે. ગુજરાતનું મીડિયા જગત ન્યુઝના ઊંડાણમાં ઉતરતું નથી. દરેક ઘટના પાછળ અનોખી સ્ટોરી છુપાયેલી હોય છે. ગુન્હાખોરી વધવાના કારણો આ સ્ટોરીમાં હોય છે. કચ્છમાં તંત્ર વિદ્યાના નામે કામશાસ્ત્રના પ્રયોગો કરવામાં ઝડપાઈ ગયેલ તાંત્રિકનું નામ વિશાલ છે.

વિશાલ રખડતો ભટકતો હતો. નાના મોટા કામ કરતો હતો. નવરી બજાર જેવા આ માણસે ટાઈમપાસ માટે ટીવી જોતો હતો. ક્રાઈમ પેટ્રોલ ટીવી શોના રવાડે ચડ્યો લોકજાગૃતિના ઉદ્દેશથી ચાલતા આ શોમાં એક તાંત્રિક ની સ્ટોરી રિલીઝ થઈ . નવરાધૂપ વિશાલે તાંત્રિક બનીને મોજ કરવાની પ્રેરણા મળી. તંત્રવિદ્યા અસામાન્ય સાધના છે. જોકે તંત્રના નામે મોટા ભાગના તાંત્રિકો તેનો ગેરલાભ લે છે. માત્ર બાહ્ય દેખાવ , આડંબર અને પ્રભાવ પાડવાની ક્ષમતા ધરાવતા મોટાભાગના તાંત્રિકો ન કરવાના ખેલ કરે છે.

વિશાલ પણ આવો તાંત્રિક બની ગયો. ઉદ્દેશ મોજે દરિયાનો હતો પણ ઝડપાઈ ગયો. વિશાલે કેવા ખેલ કર્યા છે તેની તપાસ પોલીસ કરે જ છે પણ દેશ તથા સમાજ માટે ચિંતનનો વિષય એ છે કે લોકજાગૃતિના કાર્યક્રમો પોતાના મુખ્ય ઉદ્દેશથી ફંટાઈને લોકોને આડા પાટે ચડાવે છે. તેનું શું કરવું ? સાસુ વહુની સીરીયલમાં સતત વ્યસ્ત મહિલા વર્ગના મગજ અંગે પણ ચિંતન જરૂરી છે.

# વંદે માતરમ પ્રત્યે સમર્પણની જરૂરિયાત : શાહ

## ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, વંદે માતરમની આ ચર્ચા દ્વારા, યુવાનો-ભાવિ પેઢીને યોગદાન વિશે જાણવું જોઈએ

નવીદિલ્હી તા. ૯

મંગળવારે સવારે ૧૧ વાગ્યે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થઈ. રાષ્ટ્રીય ગીત, વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે એક ખાસ ચર્ચા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા શરૂ કરવામાં આવી હતી. સોમવારે અગાઉ, લોકસભામાં વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ પર ચર્ચા યોજાઈ હતી. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ''અમે અહીં વંદે માતરમનો મહિમા કરવા માટે ચર્ચા કરવા આવ્યા છીએ. આ ચર્ચા દ્વારા, આપણા દેશના કિશોરો, યુવાનો અને ભાવિ પેઢીઓને તેના યોગદાન વિશે જાણવું જોઈએ. આપણે બધા ભાગ્યશાળી છીએ કે આપણે એક ઐતિહાસિક ક્ષણના સાક્ષી બની રહ્યા છીએ.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે આ મહાન ગૃહમાં વંદે માતરમની ચર્ચા થઈ રહી હતી, ત્યારે લોકસભામાં કેટલાક સભ્યોએ આ ચર્ચાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. ''વંદે માતરમ બનાવવામાં આવ્યું ત્યારે ચર્ચાની જરૂર હતી અને તે હવે છે.''

અમિત શાહે કહ્યું, ''ગઈકાલે, મેં જોયું કે કોંગ્રેસના ઘણા સભ્યો વંદે માતરમ પરની ચર્ચાને રાજકીય ચાલાકી અથવા હાથ પરના મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટેનું હથિયાર માનતા હતા.'' અમે મુદ્દાઓ પર ચર્ચા કરવાથી ડરતા નથી.



અમે સંસદનો બહિષ્કાર કરતા નથી. જો સંસદનો બહિષ્કાર નહીં થાય અને તેને કામ કરવા દેવામાં આવશે, તો બધા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. અમે ડરતા નથી, કે અમારી પાસે છુપાવવા માટે કંઈ નથી. અમે કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છીએ. ગૃહમંત્રીએ કહ્યું કે આ અમર કાર્ય ભારત માતા પ્રત્યે સમર્પણ, ભક્તિ અને ફરજની ભાવના જાગૃત કરે છે. તેથી, જેઓ સમજી શકતા નથી કે આજે વંદે માતરમની ચર્ચા કેમ થઈ રહી છે, મારું માનવું છે કે તેઓએ પોતાની સમજણ ફરીથી તપાસવાની જરૂર છે.

તેમણે વધુમાં કહ્યું કે આપણે બધા ભાગ્યશાળી છીએ કે આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા અને તેમાં ભાગ લીધો. જ્યારે આ મહાન ગૃહમાં વંદે માતરમની ચર્ચા થઈ રહી હતી, ત્યારે ગઈકાલે કેટલાક સભ્યોએ લોકસભામાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે વંદે માતરમની ચર્ચા કરવાની જરૂર કેમ પડી. વંદે માતરમ પર ચર્ચાની જરૂરિયાત, વંદે માતરમ પ્રત્યે સમર્પણની જરૂરિયાત, જ્યારે વંદે માતરમનું નિર્માણ થયું ત્યારે અસ્તિત્વમાં હતી, સ્વતંત્રતા ચળવળ દરમિયાન અસ્તિત્વમાં હતી, આજે પણ અસ્તિત્વમાં છે, અને ૨૦૪૭ માં જ્યારે એક મહાન ભારતનું નિર્માણ થશે ત્યારે પણ અસ્તિત્વમાં રહેશે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ''એ વાત સાચી છે કે વંદે માતરમના રચયિતા બંકિમ બાબુનો જન્મ બંગાળમાં થયો હતો, અને આ ગીત બંગાળમાં રચાયું હતું. તે આનંદમઠમાં સમાવિષ્ટ હતું, અને તેની પૃષ્ઠભૂમિ પણ બંગાળમાં હતી, પરંતુ તે ફક્ત બંગાળ કે દેશ પૂરતું મર્યાદિત નહોતું. વિશ્વભરના સ્વતંત્રતા પ્રેમીઓએ તેના ગુણગાન ગાયા. જ્યારે કોઈ સૈનિક સરહદ પર પોતાના જીવનનું બલિદાન આપે છે, ત્યારે વંદે માતરમ તેના હોઠ પર હોય છે.''

તેમણે કહ્યું કે બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયની વંદે માતરમની રચના સૌપ્રથમ ૭ નવેમ્બર, ૧૮૭૫ ના રોજ જાહેર કરવામાં આવી હતી. તેની રચનાની શરૂઆતમાં, કેટલાક લોકો માનતા હતા કે તે એક ઉત્તમ સાહિત્યિક કૃતિ છે, પરંતુ ટૂંક સમયમાં આ ગીત વંદે માતરમ દેશભક્તિ, બલિદાન અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બની ગયું, જેણે સ્વતંત્રતા ચળવળનો માર્ગ મોકળો કર્યો.

# BLOs ની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતું સુપ્રીમ

## કોર્ટે કહ્યું, પાયાના સ્તરે BLOs ને ધમકીઓ એક ગંભીર મુદ્દો , સુરક્ષાને અવગણી ન શકાય

નવીદિલ્હી, તા. ૯

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, BLOs ની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) એ જણાવ્યું હતું કે પાયાના સ્તરે BLOs ને ધમકીઓ એક ગંભીર મુદ્દો બની શકે છે અને તેમની સુરક્ષાને અવગણી શકાય નહીં. કોર્ટે ચૂંટણી પંચને નોટિસ જારી કરીને જણાવ્યું હતું કે ઇક્ઘત સંબંધિત નિર્દેશો દેશભરમાં લાગુ થશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે BLOs ની સુરક્ષા રાજ્ય પોલીસના સહયોગ પર આધારિત છે, અને જો જરૂરી હોય તો કેન્દ્રીય દળો તૈનાત કરી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત કર્મચારીઓ સુરક્ષા માટે રાજ્ય ચૂંટણી પંચ (ECI) અને જિલ્લા ચૂંટણી અધિકારીનો સંપર્ક કરી શકે છે. મતદાર નોંધણી અને નાગરિકતા સંબંધિત બાબતો પર આગામી સુનાવણી ૧૭મી તારીખે યોજાશે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક પોલીસનો હવાલો સંભાળ્યા વિના પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તે પછી આ આદેશ આપ્યો હતો. CJI સૂર્યકાંતે કહ્યું હતું કે અમે કોઈને પણ કાયદો પોતાના હાથમાં લેવાની મંજૂરી આપી શકીએ નહીં.

CJI કાંતે કહ્યું કે બધા રાજકારણીઓ અહીં એટલા માટે આવી રહ્યા છે કારણ કે તેમને લાગે છે કે આ પ્લેટફોર્મ તેમને હાઇલાઇટ કરી રહ્યું છે. તેને પેન્ડિંગ અરજી સાથે ટેગ કર્યું. જોકે, અરજદારના વરિષ્ઠ વકીલ, વી.વી. ગિરીએ કહ્યું કે બૂથ-સ્તરના અધિકારીઓને થોડી સુરક્ષાની જરૂર છે. આ તરફ, જસ્ટિસ



બાગચીએ ધ્યાન દોર્યું કે આવા મામલાઓ અંગે ફક્ત એક જ કેસ રેકોર્ડ પર છે. તેમણે કહ્યું કે રેકોર્ડ પર ફક્ત એક જ FIR છે અને બીજું કંઈ નથી. બાકીનો ઐતિહાસિક સંદર્ભ છે. જસ્ટિસ બાગચીએ કહ્યું, ''કૃપા કરીને રાજ્યને વધુ દળો માટે પૂછો. જો તમને તે ન મળે, તો તમે અહીં આવી શકો છો. અહીં FIRનું એક ઉદાહરણ છે. શું એવું કહી શકાય કે આ ફક્ત પશ્ચિમ બંગાળ માટે છે? અમને તમારા કેસ પ્રત્યે સહાનુભૂતિ છે. પરંતુ, અમારે જોવાની જરૂર છે કે શું આ તમારા તરફથી એક વાર્તા છે. ફક્ત એક જ FIR છે, અને તેના આધારે, શું તમે કહી રહ્યા છો કે કાયદો અને વ્યવસ્થા એવી છે કે તમે ECI હેઠળ પોલીસ ઇચ્છો છો? તો પછી આ બધા રાજ્યોમાં લાગુ પડવું જોઈએ.'' ECI પાસેથી જવાબ માંગતા પહેલા, તમારે પ્રથમ દ્રષ્ટિએ દષ્ટિકોણથી મર્યાદા પાર કરવી જોઈએ. જોકે, CJI કાંતે કહ્યું કે કોર્ટ ECI અને કેન્દ્ર સરકારનું શું કહેવું છે તે સાંભળવા માંગે છે. CJI કાંતે આદેશ આપ્યો, ''અમે નોટિસ જારી કરીશું અને જોઈશું કે ECI શું કહે છે. એટર્ની જનરલ દ્વારા ECI અને ભારત સંઘને નોટિસ જારી કરો.''

### આરોપીઓનું થાઈલેન્ડથી થશે પ્રત્યાર્પણ

# ગોવાના લથુરા બ્રધર્સ પર બ્લુ કોર્નર નોટીસ

નવીદિલ્હી તા. ૯

ગયા અઠવાડિયે ગોવાના અર્પોરામાં એક નાઈટક્લબમાં થયેલી ભીષણ આગમાં ૨૫ લોકોના મોત થયા હતા, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા, તેની તપાસ વધુ તીવ્ર બની છે. આ ઘટના બાદ ક્લબના માલિકો સૌરભ અને ગૌરવ લુથરા રાતોરાત થાઈલેન્ડ ભાગી ગયા હતા. અધિકારીઓએ મંગળવારે જાહેરાત કરી હતી કે ગોવા પોલીસે બંને વ્યક્તિઓ સામે ઈન્ટરપોલ બ્લુ નોટિસ જારી કરવા માટે સીબીઆઈનો સંપર્ક કર્યો છે. સૂત્રો એ પણ સૂચવે છે કે બે આરોપીઓને થાઈલેન્ડથી પ્રત્યાર્પણ કરી શકાય છે. લુથરા ભાઈઓ ગોવામાં આગના મુખ્ય આરોપી છે અને ગોવા નાઈટક્લબના માલિક પણ છે. શનિવારે રાત્રે લાગેલી ભીષણ આગમાં ૨૫ લોકોના મોત થયા હતા. ઘટના પછી તરત જ તેઓ દેશ છોડીને ભાગી ગયા હતા. સૂત્રો હવે સૂચવે છે કે આરોપી ભાઈઓ, ગૌરવ અને સૌરભને આજે સાંજે ૪ વાગ્યાની આસપાસ થાઈલેન્ડના ફુકેટથી બેંગલુરુ એરપોર્ટ લાવવામાં આવી શકે છે. અહેવાલો અનુસાર, બેંગલુરુ પોલીસનું એક ખાસ યુનિટ એરપોર્ટ પર તૈનાત કરવામાં આવ્યું છે. મંગળવારે અગાઉ અધિકારીઓએ જાહેરાત કરી હતી કે ગોવા પોલીસે સૌરભ અને ગૌરવ લુથરા સામે ઈન્ટરપોલ બ્લુ નોટિસ જારી કરવા માટે સીબીઆઈનો સંપર્ક કર્યો છે.

ગુનાહિત તપાસના સંદર્ભમાં વ્યક્તિની ઓળખ, સ્થાન અથવા પ્રવૃત્તિઓ વિશે વધારાની માહિતી એકત્રિત કરવા માટે ઈન્ટરપોલ બ્લુ નોટિસ જારી કરવામાં આવે છે. તે આરોપીના રહેઠાણ, મુસાફરી ઈતિહાસ અને સંપર્કો વિશે માહિતી એકત્રિત કરે છે. આ નોટિસ ધરપકડનો આદેશ નથી, પરંતુ




માહિતી એકત્રિત કરવાના સાધન તરીકે કામ કરે છે. ગોવા પોલીસ દ્વારા ભાગેડુઓને શોધવાની વિનંતી અંગે તપાસ એજન્સી ઈન્ટરપોલ સાથે સંપર્કમાં છે. સીબીઆઈ (ભારતમાં ઈન્ટરપોલની નોડલ એજન્સી) ઈન્ટરપોલ પાસેથી બ્લુ કોર્નર નોટિસની વિનંતી કરે છે. બ્લુ નોટિસ એ રેડ નોટિસની વિરુદ્ધ છે. રેડ નોટિસમાં ધરપકડનો સમાવેશ થાય છે અને ચાર્જશીટ દાખલ થયા પછી અને માંગવામાં આવેલી વ્યક્તિ સામે બિન-જામીનપાત્ર વોરંટ જારી થયા પછી જ તે જારી કરી શકાય છે.

અગાઉ, ગોવા પોલીસે સોમવારે જણાવ્યું હતું કે શનિવારે અરપોરામાં બિર્ચ બાય રોમિયો લેન નાઇટક્લબમાં આગ લાગ્યાના કલાકોમાં જ નાઇટક્લબના માલિકો સૌરભ અને ગૌરવ લુથરા દેશ છોડીને ભાગી ગયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''ગોવા પોલીસ સૌરભ અને ગૌરવ લુથરા બંનેને શક્ય તેટલી વહેલી તકે ધરપકડ કરવા માટે સીબીઆઈના ઈન્ટરપોલ વિભાગ સાથે સંકલન કરી રહી છે.'' પણજીથી લગભગ ૨૫ કિલોમીટર દૂર એક નાઈટક્લબમાં શનિવારે મોડી રાત્રે ભીષણ આગ લાગવાથી પચીસ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ૨૦ નાઈટક્લબ કર્મચારીઓ અને પાંચ પ્રવાસીઓનો સમાવેશ થાય છે. પાંચ પ્રવાસીઓમાંથી ચાર દિલ્હીના હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા પાંચ લોકોની સારવાર રાજ્ય સંચાલિત ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં (GMCH) કરવામાં આવી રહી છે.


॥ પ્રેમભકિતના હસ્તાક્ષરે ॥

વિશ્વાસ એવી વ્યક્તિ પર ના કરો,
જેની લાગણી સમય સાથે
બદલાય,
પણ વિશ્વાસ એવી વ્યક્તિ
પર કરો,
કે સમય બદલાય પરિસ્થિતિ
બદલાય
પરંતુ તેની લાગણી ક્યારેય ન
બદલાય...

શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ૬ વર્ષમાં ટોપ ૨૯ નકસલી કમાન્ડરોનો ખાત્મો

## ૨૦૧૯ થી, ૧,૧૦૬ ઉગ્રવાદીઓ માર્યા ગયા, જ્યારે ૭,૩૧૧ની ધરપકડ

નવીદિલ્હી, તા. ૯

ગૃહ મંત્રાલયે નક્સલવાદી બળવાખોરીના નાબૂદી અને પુનર્વસન અંગે લોકસભામાં વિગતવાર જવાબ આપ્યો. તેના જવાબમાં, મંત્રાલયે આત્મસમર્પણ કરનારા નક્સલવાદીઓની સંખ્યા, કેટલા માર્યા ગયા છે અને કેટલાનું પુનર્વસન થયું છે જેવા મુદ્દાઓ પર વિગતવાર માહિતી આપી. કેન્દ્ર સરકારે લોકસભાને માહિતી આપી કે ડાબેરી ઉગ્રવાદીઓ ભારતીય બંધારણમાં કે લોકશાહી મૂલ્યોમાં માનતા નથી. સરકારે જણાવ્યું કે આ ઉગ્રવાદીઓએ વર્ષોથી હજારો નિર્દોષ નાગરિકો, અનાથ બાળકોની હત્યા કરી છે અને મહિલાઓના જીવનનો નાશ કર્યો છે. સરકારના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળો દ્વારા સતત કાર્યવાહીથી ડાબેરી ઉગ્રવાદીઓની તાકાત નબળી પડી છે અને મોટી સંખ્યામાં કાર્યકરો આત્મસમર્પણ કરી રહ્યા છે. સરકાર આત્મસમર્પણ કરનારા માઓવાદીઓનું પુનર્વસન કરવાની યોજના ધરાવે છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું કે જૂન ૨૦૧૯ થી ૨૯ ટોચના નક્સલવાદી નેતાઓને તટસ્થ કરવામાં આવ્યા છે, જેમાંથી ૧૪ આ વર્ષે માર્યા ગયા હતા. ૨૦૧૯ થી, ૧,૧૦૬ ઉગ્રવાદીઓ માર્યા ગયા છે, ૭,૩૧૧ ની ધરપકડ કરવામાં આવી છે અને ૫,૫૭૧ એ આત્મસમર્પણ કર્યું છે.

સરકારના મતે, આતંકવાદીઓએ સુરક્ષા દળો સામે લડવાની ક્ષમતા લગભગ ગુમાવી દીધી છે, જેના કારણે તેઓ મોટી સંખ્યામાં આત્મસમર્પણ કરી રહ્યા છે. સરકાર આત્મસમર્પણ કરનારાઓને નાણાકીય સહાય પૂરી પાડી રહી છે. વરિષ્ઠ કાર્યકરોને ₹૫ લાખ, અન્ય કાર્યકરોને ₹૨.૫ લાખ અને શસ્ત્રો સાથે આત્મસમર્પણ કરવા બદલ વધારાની રકમ મળે છે. પુનર્વસન સમયગાળા



દરમિયાન ત્રણ વર્ષ માટે માસિક ₹૧૦,૦૦૦ નું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.

કેન્દ્ર સરકારે રાજ્યોને પુનર્વસન નીતિઓ બનાવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા છે. આ નીતિઓમાં બાળકો માટે શિક્ષણ સુવિધાઓ, ઘાયલો અને અપંગો માટે રાહત અને સારવાર, મહિલાઓ માટે આજીવિકા સહાય અને પોલીસ કર્મચારીઓ માટે પસંદગીની જમીન અને રોજગારની તકોનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વર્ષે જ, પુનર્વસન કાર્યક્રમો દ્વારા ૨,૧૬૭ માઓવાદીઓ મુખ્ય પ્રવાહમાં પાછા ફર્યા છે. સરકારે જણાવ્યું હતું કે ડાબેરી ઉગ્રવાદની સમસ્યા ૧૯૬૭ થી યથાવત છે. પશુપતિનાથથી તિરુપતિ સુધીનો વિસ્તાર, જે એક સમયે રેડ કોરિડોર માનવામાં આવતો હતો, હવે નોંધપાત્ર રીતે સંકોચાઈ ગયો છે. સરકારનો દાવો છે કે વડા પ્રધાનના નેતૃત્વ અને ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ, માર્ચ ૨૦૨૬ સુધીમાં બળવાખોરી સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. સરકારે કહ્યું કે અગાઉની સરકારો તેને ફક્ત રાજ્યનો વિષય માનતી હતી, તેથી કોઈ રાષ્ટ્રીય નીતિ ઘડી શકાઈ નથી. મોદી સરકારે ૨૦૧૫ માં સંપૂર્ણ સરકારી અભિગમ અપનાવ્યો અને સુરક્ષા અને વિકાસ બંને મોરચે એક વ્યાપક વ્યૂહરચના લાગુ કરી. સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૧૪ થી ૯,૫૮૮ માઓવાદીઓએ તેમના શસ્ત્રો સમર્પણ કર્યા છે, જેમાંથી ૨,૧૬૭ આ વર્ષે શરણાગતિ સ્વીકારી છે. લોકસભામાં પ્રશ્નોના જવાબમાં, ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે ગૃહ મંત્રાલય વતી જવાબ આપ્યો છે.

# ભીક્ષુકોના ગોદડા ખેંચનારા યુવાનને મિત્રએ પતાવી દીધો!

**ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતો અઢાર વર્ષનો યુવાન મિત્રનો બર્થડે ઉજવી કેક કાપી બીજા મિત્રો સાથે જવાહર રોડ પર મોમાઇ ચા પાસે ગયો ત્યાં સુતેલા ગરીબોની સળી કરતાં મિત્ર રિક્ષાચાલક મયુરે તેને આવુ ન કરવા સમજાવતાં ગાળો ભાંડીઃ ઉશ્કેરાયેલા મયુરે છરીનો છાતીમાં એક જ ઘા ઝીંક્યો જે ધાર્મિકનો જીવ લઇ ગયોઃ એ-ડિવીઝન પોલીસે આરોપીને દબોચી લીધોઃ સફાઇ કામદાર પરિવારે યુવાન દિકરો ગુમાવતાં શોકની કાલીમા**

રાજકોટ , તા. ૯

શાંત શહેરમાં કોણ ક્યારે કોની અને શા માટે લોથ ઢાળી દે તે કહી શકાતું નથી. સહનશક્તિનો અભવા કહો કે પછી ક્રોધના અતિરેકને કારણે સતત હત્યાની ઘટનાઓ બની રહે છે. વધુ એક ઘટનામાં નહિ જેવી વાતે લવરમુછીયા યુવાનની લોથ ઢાળી દેવાઇ છે. ભીલવાસ નજીક ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતાં ૧૮ વર્ષના યુવાનને જવાહર રોડ પર ગેલેક્સી હોટેલ નીચે આવેલી મોમાઇ ટી સ્ટોલ નામની હોટલ પાસે સામા કાંઠાના રિક્ષાચાલકે છરીનો એક જ ઘા ઝીંકતાં તેનાથી આ યુવાનની લોથ ઢળી ગઇ હતી. કારણ એવુ હતું કે હત્યાનો ભોગ બનનાર યુવાન હોટેલ આસપાસ સુઇ રહેતાં ગરીબ લોકોને હેરાન કરતો હતો, જેનું ઉપરાણું રિક્ષાચાલકે લઇ ઝઘડો કરી છાતીમાં એક ઘા મારી દીધો હતો. આ એક જ ઘા યુવાન માટે બસ થઇ ગયો હતો. એ-ડિવીઝન પોલીસે રાતોરાત આરોપીને પકડી લીધો હતો. તપાસમાં ખુલ્યું હતું કે મરનાર અને મારનાર બંને એકબીજાથી પરિચીત હતાં અને મિત્ર હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભીલવાસ રોડથી ડો. યાજ્ઞિક રોડ તરફ જવાના રસ્તે આવેલા ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતાં અઢાર વર્ષના યુવાનની રાતે જવાહર રોડ પર મોમાઇ ટી સ્ટોલ પાસે સામા કાંઠાના તેના જ સમાજના રિક્ષાચાલક શખ્સે છરીનો ઘા ઝીંકી હત્યા કરી નાંખતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રાતે આ યુવાન બે મિત્રો સાથે ટુવ્હીલર પર જવાહર રોડની હોટલે ચા પીવા ગયો ત્યારે ત્યાં રોડ સાઇડમાં સુતેલા ગરીબ લોકોને તે પજવતો હોઇ હેરાન કરતો હોઇ આ કારણે સામા કાંઠાના રિક્ષાચાલકે તેને આ રીતે ગરીબ લોકોને હેરાન નહિ કરવા અને તોફાન નહિ કરવા સમજાવતાં બંને વચ્ચે બોલાચાલી,









ઝપાઝપી અને ઝઘડો થતાં રિક્ષાચાલકે છરીનો ઘા ઝીંકી દીધો હતો. જેના કારણે તેનું મોત થઇ ગયું હતું. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે હત્યાનો ભોગ બનનાર અઢાર વર્ષના ધાર્મિક ઉર્ફે ધલુ મકવાણાના પિતા ભીલવાસ રોડ મોટા ખાટકીવાડની સામે ઠક્કરબાપા હરિજનવાસ શેરીનં. ૫માં રહેતાં આડત્રીસ વર્ષના પ્રકાશભાઇ સુરેશભાઇ મકવાણાની ફરિયાદ પરથી મોરબી રોડ સેટેલાઇટ ચોક બી-ડિવીઝન પોલીસ સ્ટેશન નજીક આવેલા આવાસ ક્વાર્ટરમાં રહેતાં રિક્ષાચાલક મયુર કિશોરભાઇ લઢેર વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કરી તેને પકડી લીધો હતો. પ્રકાશભાઇ મકવાણા કોન્ટ્રાકટ બેઝ પર સફાઇ કામ કરે છે અને તેના પત્નિ ઉર્મિલાબેન મકવાણા રૈયા રોડ પર સીટી સેન્ટરમાં વેસ્ટ સાઇડમાં સફાઇ કામ કરે છે.

તેને સંતાનમાં બે દિકરા ધાર્મિક અને નાનો શિવમ્ છે. પ્રકાશભાઇએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે સોમવારે રાણે પોણા બે વાગ્યે હુ મારા ઘરે હતો ત્યારે મારા દિકરા ધાર્મિકના મિત્ર યુગનો મને ફોન આવેલ અને ફોનમાં કહેલ કે-ધાર્મીકનું એક્સીડેન્ટ થયેલ છે અને તેને પડખામાં લાગી ગયેલ છે અને તેને રાજકોટ સીવીલ હોસ્પિટલમા લઈ ગયેલ છે તમે જલ્દી આવો. આવો ફોન આવતાં જ હું મારા ઘરેથી સીવીલ હોસ્પિટલ ગયેલ હતો. ત્યાં મારા દિકરાને ઇમરજન્સીમાં દાખલ કરેલ હતો અને તેને પડખાના ભાગે ઇજા થયેલ હતી અને બેભાન હાલતમાં હતો. આ વખતે ત્યાં ધાર્મિકનો મિત્ર અંકીત કીરીટભાઇ ઘાવરી હાજર હતો. ઘટના ખરેખર શું બની હતી? તે અંગે મેં અંકીતનપુછતા તેણે મને વાત કરેલ કે જયદીપ ભરતભાઇ શીંગાળા, ધાર્મિક પ્રકાશભાઇ મકવાણા અને યુગ દિપકભાઈ વાઘેલા એ ત્રણેય સાથે હતા અને જયદીપનો મને રાત્રે સાડાબારેક વાગ્યે ફોન આવેલ કે ધાર્મિક ત્રીકોણ બાગથી આગળ જવાહર રોડ પર આવેલી મોમાઇ ટી-સ્ટોલ પાસે તોફાન કરે છે અને ગરીબ લોકોને હેરાન કરે છે તેને લઇ જાવ.

આથી હુ અને રાહુલ જગદીશભાઇ વાઘેલા અને મયુર કિશોરભાઈ લઢેર એમ અમે ત્રણેય મયુરની રીક્ષા નં. જીજે૦૩બીટી-૨૯૩૬માં ઘર પાસે સાથે જ હોઇ તરત જ અમે ત્રણેય આ રીક્ષા લઈને ત્રીકોણ બાગથી હોસ્પિટલ ચોક જવાના રસ્તે જવાહર રોડ પર આવેલી મોમાઇ હોટલ પાસે ગયા હતાં. અંકિતે મને વધુમાં કહ્યું હતું કે-અમે મોમોઇ હોટલ પાસે ગયા ત્યારે ત્યાં અમે ધાર્મિકને તોફાન ન કરવા અંગે સમજાવતા હતાં. આ વખતે ધાર્મિક સાથે મયુર લઢેર નામના રિક્ષાચાલકે ઝપાઝપી કરી હતી. બંને વચ્ચે ઝગડો ચાલુ થતાં અમે બંનેને છોડાવતાં હતાં. ત્યાં જ મયુર તેની રીક્ષા માથી એક છરી લાવ્યો હતો અને તેણે ધાર્મિકને પડખામાં છરીનો એક ઘા મારી દીધો હતો.

આ પછી મયુર તેની રીક્ષા લઈને ભાગી ગયો હતો. બાદમાં ત્યાં રોડ ઉપરથી એક રીક્ષામાં ધાર્મિકને બેસાડી બેસાડી હું (અંકિત), રાહુલ, યુગ અને જયદીપ એમ બધા મિત્રો ધાર્મિકને રાજકોટ સીવીલ હોસ્પિટલ લઈ ગયા હતાં. અમને આ બનાવ અંગે ડર લાગતા યુગે તમને એક્સીડેન્ટ થયું હોવાની ખોટી વાત કરેલ હતી. તેમ અંકિતે મને જણાવ્યું હતું. પ્રકાશઇભાઇએ આગળ કહ્યું હતું કે મારા દિકરાની સારવાર ચાલુ કરી હતી, દરમ્યાન ડોક્ટરે મારા દિકરા ધાર્મિકને મૃત જાહેર કર્યો હતો. મયુર કિશોરભાઇ લઢેરે મારા દિકરાને ડાબા પડખે છરી ઝીંકી દીધી હતી તેના કારણે તેનું મોત થયું હતું. હત્યાની ઘટના જાહેર થતાં ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરી સહિતના અધિકારીઓ દોડી ગયા હતાં. એ-ડિવીઝન ઇન્સ. બી. વી. બોરીસાગર, પીએસઆઇ રાણા, રાઇટર મનોજભાઇ મકવાણા સહિતે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. આરોપી મયુરને રાતોરાત સકંજામાં લઇ લેવાયો હતો. એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમ પણ તપાસમાં જોડાઇ હતી. આરોપી હાથમાં આવી જતાં વધુ તપાસ થઇ રહી છે.

વધુ વિગત મુજબ લોહીલુહાણ હાલતમાં ધાર્મિકને તેનો કુટુંબી ભાણેજ-મિત્ર અંકિત તેમજ યુગ, રાહુલ, જયદિપ સહિતના રિક્ષા મારફત સિવિલ હોસ્પિટલ ખાતે લઇ ગયા હતાં. અહિ તબિબે શું થયું? તે પુછતાં યુગે જામનગર રોડ ઘંટેશ્વર પાસે બાઇક સ્લીપ થઇ જતાં ઇજા થયાનું કહેતાં તબિબે પોલીસને જાણ કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસમાં એન્ટ્રી નોંધાવી હતી. દરમિયાના હેડકોન્સ. રાહુલભાઇ સહિતના હોસ્પિટલે પહોંચતા તેણે ધાર્મિકની ઇજા જોતાં અને તેને હોસ્પિટલે લઇ આવનારની વિસ્તૃત પુછતાછ કરતાં આ ઘટના વાહન અકસ્માતની નહિ પણ હુમલાની હોવાનું અને ઘટના જવાહર રોડ પર બની હોવાનું કહેતાં ફરીથી હોસ્પિટલ મારફત એ-ડિવીઝન પોલીસમાં નોંધ કરાવાઇ હતી. યુગ, અંકિત સહિતના ડરી ગયા હોવાથી હુમલાની વાત છુપાવી હોવાનું રટણ કર્યુ હતું. પોલીસે આ ચારેય મિત્રોની પણ પુછપરછ કરતાં અંતે સાચી હકિકત ખુલી હતી.

આરોપી મયુર ઝડપાઇ જતાં તેણે કબુલ્યું હતું કે ધાર્મિક રોડ સાઇડમાં સુતેલા ભિક્ષુકોના ગોદડા ખેંચી હેરાન કરતો હતો, આથી આ લોકો સામેની સાઇડમાં જઇને સુઇ ગયા હતાં. પછી પણ ધાર્મિક તેને હેરાન કરતો હોઇ મેં તેને આવુ કરવાની ના પાડતાં મને ગાળ દીધી હતી. આથી ગુસ્સો ચડતાં છરી ઝીંકી દીધી હતી. બનાવ પહેલા મરનાર, મારનાર સહિતના લોકો રાહુલનો બર્થ ડે હોઇ વિસ્તારમાં કેક કાપવા ભેગા થયા હતાં. ત્યાંથી છુટા પડ્યા બાદ આ ઘટના બની હતી. ઘાયલ હાલતમાં ધાર્મિકને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, રવિભાઇએ પહેલા ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. પણ બાદમાં ઘટના જવાહર રોડ પર બન્યાનું ખુલતાં એ-ડિવીઝનમાં નોંધ કરાવી હતી. આરોપી પોલીસના હાથમાં આવી જતાં વિશેષ કાર્યવાહી થઇ હતી.

# લેણી રકમ લેવા જતા ઘંટેશ્વરના કેટરર્સ પર તાવીથાથી હુમલો

**કોલેજવાડીમાં રહેતાં અન્ય કેટરર્સ સંચાલકે-તારા દાઢીવાળા માણસો છે એ કેટરર્સમાં ન ચાલે કહી ગાળો ભાંડી બટાઝટી બોલાવી : મોબાઇલ પણ પડાવી લીધો : પ્ર.નગર પોલીસે કરી કાર્યવાહી**

રાજકોટ , તા. ૯

પૈસાની લેતીદેતી મામલે મારામારીની વધુ એક ઘટના બની છે. જેમાં જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં અને કેટરીંગનું કામ કરતાં યુવાન પર મોટી ટાંકી નજીક કોલેજવાડી વિસ્તારમાં અન્ય કેટરર્સવાળા પાસે લેણી નીકળતી રકમની ઉઘરાણી કરવા જતાં તારા દાઢીવાળા માણસો કેટરર્સમાં ન ચાલે કહી ગાળો દઇ હીચકારો હુમલો કરાયો હતો. આ હુમલામાં યુવાનનો હાથ ભાંગી ગયો હતો.

વિગતો જોઇએ તો ડખ્ખાને પગલે કેટરર્સ સંચાલક પર અન્ય કેટરર્સ સંચાલક સહિત ચાર શખ્સોએ તાવીથા, પાઇપ, કેરટેથી માર મારતાં કેટરર્સ સંચાલકનો હાથ ભાંગી ગયો હતો. હુમલો કરી માર મારવા ઉપરાંત



તેનો મોબાઇલ ફોન પણ બળજબરીથી છીનવી લેવાયો હતો. આ બનાવમાં પ્ર.નગર પોલીસે જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર નં. ૨૦૦માં રહેતાં અને કેટરસનું કામ કરી ગુજરાન ચલાવતાં અઠ્ઠાવીસ વર્ષના રાહુલગીરી મહેશગીરી ગોસ્વામીની ફબિરયાદ પરથી કોલેજવાડી-૭માં રહેતાં રાહુલ દવે અને ત્રણ અજાણ્યા સામે ગુનો નોંધ્યો છે. રાહુલગીરીએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતાના મિત્ર અજયભાઇ વિનોદભાઇ વધીયા સાથે પોતાની રિક્ષામાં બેસીને કોલેજવાડી શેરી નં. ૯ ખાતે મહાદેવ કેટરર્સના રાહુલ દવે પાસે કેટરિંગના લેણાંની રકમ લેવા માટે ગયા હતા.

રાહુલગીરીએ રાહુલ દવેને પોતાના માણસોને પગાર આપવા માટે પૈસા આપવાના હોઇ પોતાની રકમ આપી દેવા કહ્યું હતું. આ વખતે રાહુલ દવેએ પૈસા આપવાની ના પાડી દઇ કહ્યું હતું કે-તારા કેટરર્સના માણસો ડાઢી વાળા છે તે ચાલે નહીં. આ બાબતે બોલાચાલી થતાં રાહુલગીરીએ જે દાઢીવાળા હોય તેના પૈસા ન આપતાં, બાકીના તો આપો. આ સાંભળી રાહુલ દવેએ ઉશ્કેરાઈ જઇ માં-બહેન સામે ગાળો આપી બે-ત્રણ લાફા મારી દીધા હતા. રાહુલગીરીએ ગાળો આપવાની ના પાડતાં રાહુલ દવેએ હું તારો પગ ભાંગી નાખીશ કહી ધમકી આપી હતી. એ પછી તેના ત્રણ માણસોને બલાવી લઇ હુમલ કર્યો હતો.

આ શખ્સોએ લોખંડના પાઇપ, તાવીથા અને કેરેટથી હુમલો કરી ઇજા કરી હતી તેમજ રાહુલગીરીનો મોબાઇલ ફોન પડાવી લીધો હતો. હુમલા બાદ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા રાહુલગીરી અને તેના મિત્ર અજયભાઈ તાત્કાલિક ખાનગી હોસ્પિટલે રેલનગર ખાતે સારવાર માટે પહોંચ્યા હતા. તબીબી તપાસ અને એક્સ-રે રિપોર્ટમાં રાહુલગીરીના ડાબા હાથમાં ફ્રેક્ચર હોવાનું નિદાન થયુ હતું. પ્ર.નગર પોલીસ મથકના ઇન્સ. વી. આર. વસાવાના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. ડી. કોઠીવારે કાર્યવાહી કરી હતી.

**અમુક તત્વોને પોલીસનો લગરીકેય નથી ડરઃ સરાજાહેર લુખ્ખાગીરી**

# સિંધી પિતા-પુત્ર પર ધોકાવાળીઃ લૂંટ

**જંકશન રેલ્વે સ્ટેશન રોડ પર બનાવઃ વેપારીએ બાકીમાં વસ્તુ ન દેતાં બે લુખ્ખા તૂટી પડ્યાઃ પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે શરૂ કરી તપાસ**

રાજકોટ , તા. ૯

શહેરમાં ગમે ત્યારે ગમે તે શખ્સો પોલીસના ડર વગર લુખ્ખાગીરી ગુંડાગીરી આચરી લેતા હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં જંકશન રેલ્વે સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલી એક પાનની દુકાનના સંચાલક યુવાને અજાણયા શખ્સને બાકીમાં-ઉધારમાં વસ્તુ ન દેતાં આ શખ્સે ઝઘડો કર્યા બાદ બીજા સાથીદારને બોલાવી દૂકાનદાર પર ધોકાવાળી કરી હતી. તેના પિતા વચ્ચે પડતાં તેમને પણ માર માર્યો હતો અને મોબાઇલ ફોન લૂંટી ભાગી ગયા હતાં.

લુખ્ખાગીરીની આ ઘટના જોઇએ તો પ્રદ્યુમનનગર પોલીસે આ બનાવ બારામાં યુનિવર્સિટી રોડ અયોધ્યા ચોક ૧૫૦ રીંગ રોડ સુંદરમ્ શીલ્પ



બી-૧/૬૦૪ ખાતે રહેતાં અને રેલ્વે સ્ટેશન રોડ રીઝર્વેશન ઓફિસ સામે જયભારત પાન નામે દુકાન ચલાવતાં છવ્વીસ વર્ષના ગૌરવભાઇ સતિષભાઇ કરમચંદાણીની ફરિયદ પરથી બે અજાણ્યા શખ્સો સામે હુમલો કરી લૂંટ ચલાવવાનો ગુનો નોંધ્યો છે. ગૌરવભાઇએ નોંધાવેલી ફરિયાદ મુજબ સોમવારે રાતે આઠથી નવ વાગ્યાની આસપાસ તે અને તેના પિતા સતીષભાઇ દુકાને હાજર હતા. તે સમયે એક અજાણ્યો શખ્સ દુકાને આવ્યો હતો, જેને ગૌરવભાઈ અગાઉ જોયેલો હતો. આ શખ્સે પરાણે ઉધાર વસ્તુની માંગણી કરી હતી.

પરંતુ ગૌરવભાઈએ ઉધારમાં આપવાની સ્પષ્ટ ના પાડતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરીને ઝઘડો કરવા લાગ્યો હતો. આ બોલાચાલી દરમિયાન પહેલા આવેલા શખ્સે ફોન કરીને અન્ય એક શખ્સને દુકાને બોલાવ્યો હતો. થોડી જ વારમાં બીજો શખ્સ હાથમાં લાકડું લઈને દુકાને આવી ગયો હતો. આ બંને જણાએ ભેગા મળીને ગૌરવભાઈ અને તેમના પિતા સતીષભાઈ પર હુમલો કર્યો હતો. એક શખ્સે લાકડા વડે સતીષભાઈને માથાના ભાગે ઘા માર્યો હતો. ગૌરવભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ લાકડાનો ઘા વાગ્યો હતો.

આ પછી પહેલા આવેલા શખ્સે બળજબરીથી સતીષભાઈના હાથમાંથી રેડમી નોટ ૧૨ મોડલના મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો. બનાવને પગલે દેકારો મચી જતાં આસપાસના માણસો દુકાને ભેગા થવા લાગતા બંને હુમલાખોરો એક્ટિવા મોટરસાયકલ પર બેસી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. હુમલામાં ગૌરવભાઈ અને તેમના પિતાને મુંઢ ઈજાઓ થતા બંનેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલ ચોકી મારફત પ્ર.નગર પોલીસને જાણ થતાં પ્ર.નગર ઇન્સપેક્ટર વી.આર. વસાવાના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. ડી. કોઠીવારે ગુનો દાખલ કરી બંનેની શોધખોળ શરૂ કરી હતી.

# અગાઉ જેના પગ ભાંગી નાંખ્યા હતાં એ યુવતિ પર હિરેને બળાત્કાર પણ ગુજાર્યાનું ખુલ્યું

**બાપા સિતારામ ચોકમાં રહેતાં શખ્સ વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસે અલગથી ગુનો દાખલ કર્યો**

રાજકોટ , તા. ૯

દૂષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે જેમાં શહેરના રૈયા રોડ પર બાપા સિતારામ ચોક પાસે રહેતાં હિરેન ઉર્ફ કાનારાજા નામના શખ્સે થોડા દિવસો પહેલા એક યુવતિ પર હુમલો કરી તેના પગ ભાંગી નાંખ્યા હતાં. આ યુવતિની ફરિયાદ પરથી હવે આ શખ્સ વિરૂધ્ધ દૂષ્કર્મનો ગુનો દાખલ થયો છે. પોતે પરણેલો હોવા છતાં કુંવારો હોવાનું કહી લગ્નની લાલચ આપી અવાર-નવાર અલગ અલગ જગ્યાએ હોટેલ, રિસોર્ટમાં લઇ જઇ દૂષ્કર્મ આચરી લીધાનું જણાવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર પચ્ચીસ વર્ષની યુવતિની ફરિયાદ પરથી રૈયા રોડ બાપા સિતારામ ચોક પાસે રહેતાં હિરેન ઉર્ફ કાનારાજા રેવાભાઇ ધોળકીયા નામના શખ્સ




વિરૂધ્ધ દૂષ્કર્મનો ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી હતી. આ બનાવમાં ભોગ યુવતિએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને પ્રાઇવેટ નોકરી કરુ છું. ૨૦૨૪ના જુલાઇ મહિનામાં મારા માતાને વાહન અકસ્માતમાં ઇજા થતાં હું તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ ગઇ હતી. એ દરમિયાન હોસ્પિટલ ખાતે હિરન ધોળકીયા સાથે મારો પરિચય થયો હતો. અહિ તેણે વોર્ડમાં જવા માટે મદદ કરી હતી.

ત્યારપછી અમે મોબાઇલ નંબરની આપ-લે કરતાં વાતચીત શરૂ થઇ હતી. એ પછી અવાર-નવાર અમે રૂબરૂ મળી વાત કરતાં હતાં. ત્યારબાદ હિરેન ઉર્ફે કાનારાજાએ મને કહેલું કે હું કુંવારો છું અને તારી સાથે લગ્ન કરીશ. આ રીતે તેણે લગ્નનું વચન આપી મને કેકેવી હોલ પાસેની હોટેલમાં તેમજ જામનગર રોડ પરના રિસોર્ટમાં લઇ જઇ અવાર-નવાર મારી સાથે શરીર સંબંધ બાંધ્યા હતાં. બાદમાં મને ખબર પડી હતી કે હિરેનની જ્ઞાતિમાં તો બાળપણમાં જ સગાઇ લગ્ન થઇ જતાં હોય છે, હિરેનના પણ લગ્ન થઇ ગયા છે, પણ તેણે મારાથી આ વાત છુપાવીને મને છેતરીને લગ્નના વચન આપી મારી સાથે જાતીય સંબંધ બાંધી લીધા હતાં. તેમ વધુમાં યુવતિએ જણાવતાં ઇન્સ. એચ. અને. પટેલની રાહબરીમાં એએસઆઇ મુકેશભાઇ પી. ચરમટાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે આ શખ્સ યુવતિ પાસેથી ઉછીની રકમ લઇ ગયો હોઇ પછી પાછી આપતો ન હોઇ આ મામલે યુવતિએ પોલીસમાં અરજી કરતાં ખાર રાખી થોડા દિવસ પહેલા તેણે આ યુવતિ પર તેના ઘર નજીક લોખંડના પાઇપથી હુમલો કરી પગ ભાંગી નાંખ્યા હતાં. તે અંગે પણ જે તે વખતે ગુનો દાખલ થયો હતો. જે તે વખતે પીએસઆઇ બેલીમે આરોપી હિરેનની ધરપકડ કરી હતી. ત્યારે ડીસીપી ક્રાઇમ સમક્ષ રજૂ કરવામાં આવતાં તેની આગવી ઢબે પુછપરછ થઇ હતી. હવે દૂષ્કર્મનો ગુનો પણ દાખલ થતાં ધરપકડની તજવીજ શરૂ કરાઇ હતી.

**લાખાજીરાજ ઉદ્યોગનગરના વૃધ્ધા સાથે ત્રિકોણ બાગ પાસે બનાવઃ વૃધ્ધા રામકૃષ્ણ આશ્રમ પાસેથી બેશુધ્ધ મળ્યા, ભાનમાં આવ્યે સામે આવી હકિકત**

# મફતમાં અનાજ આપવાના નામે મંજુ બેભાનીયુ સરબત પાઇ બુટીયા ચોરી ગઇ

રાજકોટ , તા. ૯

ગઠીયાગીરીની એક ઘટનામાં એક મંજુ નામની મહિલા એક વૃધ્ધને મફતમાં અનાજ અપાવવના નામે બેભાનીયુ સરબત પાઇ અર્ધબેભાન કરી સોનાના બુટીયા ચોરી ગઇ છે.

વિગતો જોઇએ તો શહેરના થોરાળા વિસ્તારના લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતાં સાંઇઠ વર્ષના શાંતુબેન સોમાભાઇ બારીયા નામના વૃધ્ધા કે જેઓ અલગ અલગ ઓફિસોમાં કચરા પોતાનું કામ કરે છે તેમને પોતે આવુ જ કામ કરતી હોવાનું મંજુ નામની એક મહિલાએ મફતમાં અનાજ અપાવવાના બહાને ગઇકાલે ત્રિકોણબાગ પાસે લાવી પ્રસાદીના નામે ઘેની સરબત પાઇ દઇ બેભાન જેવા કરી દઇ કાનમાંથી સોનાના બુટીયા ચોરી લીધા હતાં. શાંતુબેન બારીયા ત્રિકોણબાગ આસપાસ ઓફિસોમાં સફાઇ કામ કરવા આવતાં હોઇ ગઇકાલે સાંજે તે રામકૃષ્ણ આશ્રમ નજીક અર્ધબેભાન જેવી હાલતમાં પડ્યા હોઇ કોઇએ ૧૧૨માં જાણ કરતાં પોલીસ પહોંચી હતી.

આ વખતે થોડા ભાનમાં આવેલા શાંતુબેને પોતાના ઘરનું સરનામુ જણાવતાં અને પોતાને શું થયું તે ખબર નહિ હોવાનું કહેતાં તેઓ થોડા ઘેનમાં હોય તેમ લાગતું હોઇ પોલીસ સરનામુ શોધતી શોધતી તેમને ઘર સુધી મુકી આવી હતી. દરમિયાન શાંતુબેન બીજા દિવસે ભાનમાં આવતાં પોતાના કાનમાંથી સોનાના બુટીયા ગાયબ હોવાનું જણાતાં અને હજુ પણ ચક્કર આવતાં હોવાનું કહેતાં પતિએ તેમને બપોરે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં બનાવની જાણ હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, રવિભાઇએ એ-ડિવીઝનમાં કરી હતી. શાંતુબેને કહ્યું હતું કે મારી જેમ જ મંજુ નામની એક મહિલા જેને હું જોયે ઓળખુ છું તે સફાઇ કામ કરે છે. તેણે અઠવાડીયા પહેલા તેની પાસે ચોખા-ઘઉં હોઇ તે બતાવીને કહેલું કે કાર્ડ ઉપર આ અનાજ મફતમાં મળે છે, તમારે લેવા હોય તો કાર્ડની ઝેરોક્ષ મને આપજો તેવી વાત કરી હતી.

આ પછી ગઇકાલે મંજુ મને મફતમાં અનાજ અપાવવાના નામે ત્રિકોણ બાગ પાસે લાવી હતી. મને ત્યાં એક ઓફિસ પાસે નીચે બેસાડી પોતે સફાઇ કામ કરીને આવે છે તેમ કહીને ગઇ હતી. થોડીવાર બાદ તે સરબતનો ગ્લાસ લાવી હતી. મેં ગળ્યું સરબત હું પીતી નથી તેમ કહી પીવાની ના પાડતાં તેણે પ્રસાદી છે, પીવું પડે કહેતાં મેં થોડુ સરબત પી લીધુ હતું. પછી શું થયું તેની ખબર નથી. મને ઘેની સરબત ભાઇ અર્ધબેભાન કરી તે મારા કાનમાંથી સોનાના બુટીયા કાઢી ગયાનું લાગે છે. શાંતુબેનની આ વાત પરથી પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે. સીસીટીવી ફૂટેજ મેળવવા અને કહેવાતી મંજુને શોધવા તપાસ શરૂ કરી છે.

### સાયબર ગઠીયાઓ ફ્રોડ માટે હવે જુનામાં નવું કરીને લાવી રહ્યા છેઃ ચેતજો

# ફોન હેક કરી ગ્રુપમાં APK ફાઈલ મોકલીને ઠગાઈ

## એક વ્હોટ્સએપ ગ્રુપના સભ્યનો ફોન હેક કરી પછી એના નામથી જ ગ્રુપમાં એપીકે ફાઈલ મોકલીઃ ત્રણ સદસ્યોએ ફાઈલ ખોલી પણ સદ્ધનસિબે છેતરાતા બચી ગયા

રાજકોટ, તા. ૯
રાજ્યભરમાં વ્હોટ્સએપમાં એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી સાયબર ક્રાઇમ આચરી રૂપિયા ઉપાડી લેવાના બનાવો વધી ગયા છે. દરમિયાન એક કિસ્સામાં એક વ્હોટ્સએપ ગ્રુપના એક સભ્યનો મોબાઇલ હેક કરી બાદમાં તેના નામે ગ્રુપમાં આરટીઓ ઇ-ચલણની એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરવાનો પ્રયાસ થયો હતો. પરંતુ જાગૃત થઇ ગયેલા આ લોકોએ ફોન બંધ કરી સીમ કાર્ડ પણ કાઢી લેતાં તેની સાથે ફ્રોડ થતું અટક્યું હતું. પરંતુ હવે આ નવતર કિમીયાથી સૌએ ચેતવુ જરૂરી છે.

વિગતો પર નજર કરીએ તો સાયબર ગઠીયાઓ નવા જુના નુસ્ખા અજમાવી ફ્રોડ કરી રહ્યા છે. દરમિયાન નવતર એટલે કે નવી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ પણ શરૂ થયો છે. વિગતો જોઇએ તો ગાંધીનગરના દહેગામમાં છેલ્લા ચાર દિવસમાં એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં વાહન ચાલકોને આરટીઓ ઈ-ચલણના નામે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. સાયબર ક્રિમિનલ્સની આ નવી મોડસ ઓપરેન્ડીના કારણે દહેગામમાં માત્ર ચાર દિવસમાં ત્રણ જેટલા નાગરિકોના મોબાઈલ ફોન હેક થયા હોવાની વિગતો સામે આવી છે.

હાલમાં સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે હવે આરટીઓ ઈ ચલણના નામે વ્યક્તિગત મેસેજ મળતા લોકો ચેતી રહ્યા છે પરંતુ આ ગઠિયાઓ હવે આખે આખા ગ્રુપમાં આ મેસેજ મોકલી રહ્યા છે. જે માટે ગ્રુપના એક સભ્યનો મોબાઈલ હેક કરીને ગ્રુપમાં આ -કારની ફાઈલ મોકલી ફોન હેક કરીને રૂપિયા ઉપાડવામાં આવી રહ્યા છે. દહેગામમાં છેલ્લા ચાર જ દિવસમાં ત્રણ જેટલા વ્યક્તિઓના મોબાઈલ હેક કરીને આ પ્રકારની છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. ગઠિયાઓ દ્વારા ગ્રુપના કોઈ એક સભ્યોનો મોબાઇલ હેક કરીને


ઠગાઈની અન્ય ઘટનામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામા મકાનના નામે ચાર લોકોના રૂપિયા ખાઇ જવાયા

ત્યારબાદ ગ્રુપનો પ્રોફાઈલ ફોટો બદલી દે છે અને ત્યારબાદ તેનું નામ બદલીને આરટીઓ, પોલીસ અથવા ટ્રાફિક ચલણ જેવું નામ આપી દે છે.

આ પછી ગ્રુપમાં આ પ્રકારની ફાઈલ મૂકવામાં આવે છે અને આ એપીકે ફાઈલ ગ્રુપમાં રહેલા સો બસ્સો સભ્યોમાંથી બે ચાર વ્યક્તિઓ ખોલે તો તેમના મોબાઇલને હેક કરીને રૂપિયા ઉપાડવામાં આવતા હોય છે. જોકે દહેગામમાં ત્રણ જેટલા વ્યક્તિઓના મોબાઈલ હેક કરવામાં આવ્યા છે પરંતુ સમય સૂચકતાને કારણે તેઓએ ફોન બંધ કરી દીધા હતા અને સીમકાર્ડ પણ કાઢી દીધા હતા જેના કારણે કોઈ નાણાકીય છેતરપિંડી થઈ નથી પરંતુ આગામી સમયમાં આ પ્રકારની છેતરપિંડીથી બચવા માટે નાગરિકોએ સાવધાન રહેવાની જરૂર છે. આ ઘટના સંદર્ભે હાલ સાયબર ક્રાઇમમાં પણ ફરિયાદ કરવામાં આવી છે. લોકોના કીમતી રૂપિયા ઉપાડવા માટે સાયબર ગઠિયાઓ દ્વારા અપનાવવામાં આવી રહેલી નવી નવી પદ્ધતિ પોલીસ માટે પણ ચિંતાનો વિષય બની છે.

ઠગાઇની બીજી ઘટના જોઇએ તો પ્રધાન મંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને કમાટીપુરામાં રહેતા ચાર લોકો પાસેથી ૧.૭૮ લાખ પડાવી લઇ છેતરપિંડી કરનાર ભેજાબાજ સામે સયાજીગંજ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કમાટીપુરા નરહરિ હોસ્પિટલની પાછળ રહેતા ગુલાબસિંગ ઉદેસિંગ જાદવ અલકાપુરીની એડ્રોઇ કન્સ્ટ્રક્શન કંપનીમાં ઓફિસ બોય તરીકે નોકરી કરે છે. તેણે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, સમા ખાતે તૈયાર થતા મકાનમાં મારે મકાન લેવું હોઇ તે અંગેની માહિતી અને દસ્તાવેજો ભેગા કરતો હતો. તે દરમિયાન પાડોશી મારફતે સંજય રાજુભાઇ પ્રજાપતિની ઓળખાણ થઇ હતી.

પાડોશીએ તેઓની ઓળખાણ આવાસ યોજનાના એજન્ટ તરીકે આપી હતી. સંજય અને તેની પત્નિ દિવ્યા અમારા ઘરે આવ્યા હતા. સંજયે મને કહ્યું હતું કે, સરકારી કામમાં મને મોટા સાહેબો ઓળખે છે. તમને ચોક્કસ મકાન અપાવી દઇશ, તે માટે સાહેબને ૫૦ હજાર આપવા પડશે. તેમના પર વિશ્વાસ કરીને મેં તેઓને મારા દસ્તાવેજો આપ્યા હતા. મેં તેઓને કુલ ૫૯ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. ત્યારબાદ મને ખબર પડી હતી કે, સંજયભાઇએ અલગ - અલગ વ્યક્તિઓ પાસેથી મકાન અપાવવાના બહાને રૂપિયા લીધા છે. ત્યારબાદ તેમનો ફોન લાગતો નહતો અને મકાન ખાલી કરીને અન્ય સ્થળે રહેવા જતા રહ્યા હતા. થોડા દિવસ પછી પાડોશી કીર્તિબેન કહારે કહ્યું હતું કે સંજયભાઇની માતાને એટેક આવ્યો છે. તેઓ અમદાવાદ ગયા છે. સંજય રાજુભાઇ પ્રજાપતિ એ મારી પાસેથી ૫૯ હજાર તથા પાડોશી સતિષભાઇ પાસેથી ૫૪ હજાર, મયંક પટેલ પાસેથી ૩૯ હજાર તથા કીર્તિબેન પાસેથી ૩૨ હજાર મળી કુલ ૧.૭૮ લાખ પડાવી લીધા હતા.

# તરઘડીયાની પોણા સાત લાખની ચોરીનો ભેદ ઉકેલાયોઃ ભાદો-ભાણો ઝડપાયા

## ક્રાઇમ બ્રાંચે ભેદ ઉકેલ્યોઃ સોના-ચાંદીના દાગીના રોકડ મળી મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા. ૯
તસ્કરીયાઓના તરખાટ વચ્ચે થોડી રાહત થાય એવી કામગીરી થઇ છે. કુવાડવા તાબેના તરઘડીયા ગામે રહેતાં ખેડુતના ઘરમાં ધોળે દિવસે થયેલી પોણા સાત લાખની ચોરીનો બનાવ ઉકેલાઇ ગયો છે. ક્રાઇમ બ્રાંચે રીઢા તસ્કર અને તેના ભાણેજને પકડી લઇ રોકડ-દાગીના કબ્જે કરી લીધા છે. આ ચોર અગાઉ તેર ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો અને બે વખત પાસા હેઠળ જેલની હવા ખાઇ આવ્યો હતો.

વિગતો જોઇએ તો ખેડુત પોતાના બનોવીનું અવસાન થયું હોઇ જેથી નજીકના સાયપર ગામે પાણીઢોળ વિધીમાં હાજરી આપવા પરિવાર સાથે ગયા હતાં. આ દરમિયાન રેઢા ઘરમાં ત્રાટકી તસ્કરો રોકડ, દાગીના મળી કુલ રૂ. ૬,૭૪,૦૦૦ની માલમત્તા ચોરી ગયા હતાં. ક્રાઇમ બ્રાંચે ભેદ ઉકેલી અગાઉ ૧૩ ગુનામાં સામેલ રીઢા તસ્કર અને તેના ભાણેજને પકડી લઇ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ બનાવમાં તરઘડીયા ગામે રહેતાં રઘુભાઇ જાગાભાઇ ઝાપડાની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. રઘુભાઇ ઝાપડા ત્રીજી તારીખે બુધવારે સવારે સાડા નવેક વાગ્યે પરિવાર સાથે સાયપર ગામે બનેવી ભીમાભાઇ ટોળીયાનું અવસાન થયું હોઇ તેમની પાણીઢોળ વિધીમાં હાજરી આપવા માટ ગયા હતાં. બપોર બાદ પરત આવ્યા ત્યારે ઘરમાં ચોરી થયાની જાણ થઇ હતી.

ભેદ ઉકેલવા કુવાડવા પોલીસ, એલસીબી, ક્રાઇમ બ્રાંચની ટીમો કામે લાગી હતી. દરમિયાન ક્રાઇમ બ્રાંચના હેડકોન્સ. કિશનભાઇ પાંભર, હરસુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ


સતત તરખાટ વચ્ચે થોડી રાહત થાય એવી ડીટેક્શનની કામગીરી

ઝાલા અને કોન્સ. મહાવીરસિંહ જાડેજાને બાતમી મળતાં ઢેબર રોડ નારાયણનગરમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના ભાદા દુલાભાઇ સોલંકી-દેવીપૂજક અને તેના ભાણેજ પીડીએમ પાસે નારાયણનગર મફતીયાપરામાં રહેતાં હીરેન અશોકભાઇ ભટ્ટ જે એકવીસ વર્ષનો છે તેને પકડી લીધા છે. ક્રાઇમ બ્રાંચે આ બંને પાસેથી ૫૫૦૦૦નું ચાંદીનું ભરવાડી કડુ, ચાંદીના કડા, છડા, કંદોરો, પગપાના, સનોાની બુટી, લટકણના પાન, કાનચેઇન જોડી, કાનસર, પેન્ડલ તેમજ આઇફોન, બાઇક, રોકડા દસ હજાર મળી રૂા. ૬,૪૧,૦૦૦ની માલમત્તા કબ્જે કરી છે. ભાદો સોલંકી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ ભાદા વિરૂધ્ધ અગાઉ રાજકોટ માલીયાનગર, ભક્તિનગર, એ-ડિવીઝન, જુનાગઢ એ-ડિવીઝનમાં ચોરીઓ, દારૂ, લૂંટ, હથીયાર સાથે રાખવાના મળી ૧૩ ગુના નોંધાઇ ચુક્યા છે. તેમજ તે બે વખત પાસાની હવા પણ ખાઇ આવ્યો છે. તેમજ હિરન વિરૂધ્ધ ભક્તિનગરમાં ગયા વર્ષે એક ગુનો નોંધાયો હતો. ચોરી કરવા માટે ભાદો, હીરેન અને અન્ય એક શખ્સ એમ ત્રણ જણા નીકળ્યા હતાં. આ વખતે તરઘડીયામાં બંધ મકાન દેખાતા જ અંદર ત્રાટકી ચોરી કરી લીધી હતી. હજુ એક શખ્સની શોધખોળ થઇ રહી છે. ભાદાએ દાગીના છુપાવી દીધા હોઇ જે કબ્જે કરાયા હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અનુસાર પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ એ. એન. પરમાર, એસ. વી. ચુડાસમા, એએસઆઇ હિતેન્દ્રસિંહ ઝાલા, વિજયભાઇ સોઢા, હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ સબાડ, કિશનભાઇ પાંભર, જયદેવસિંહ પરમાર, અર્જુનભાઇ ડવ, મોહિલરાજસિંહ ગોહિલ, કોન્સ. મહાવીરસિંહ જાડેજા, ગોપાલભાઇ પાટીલ, મયુરધ્વજસિંહ જાડેજા, પ્રશાંતભાઇ ચુડાસમા, કરણભાઇ કોઠીવાલ, સંજયભાઇ અલગોતર, પોપટભાઇ ગમારા, અનુજભાઇ ડાંગર, અરવિંદભાઇ ફતેપરાએ આ કામગીરી કરી હતી. વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

### કરૂણ ઘટનાઓનો સિલસિલોઃ વધુ પાંચ પરિવારોએ સ્વજનોને ગુમાવી દીધા

# નોકરી પરથી ઘેર પરત ફરતા યુવાનનું અકસ્માતમાં મોત

## બીજી ઘટનાઓમાં દિલની દગાખોરીથી પ્રૌઢનું, બેભાન થઇ જતાં સત્યાવીસ વર્ષના યુવાનનું, રવેશમાંથી પડતાં વૃધ્ધાનું મોતઃ એક યુવાનને તાવની સારવાર માટે દાખલ કરાયા બાદ બાટલાની સોઇ હાથમાં રહી ગઇઃ તબિયત બગડતાં મોત-ગુંદાવાડી હોસ્પિટલના ડોક્ટરની બેદરકારીનો આક્ષેપ

રાજકોટ, તા. ૯
અપમૃત્યુની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ આવા પાંચ કરૂણ બનાવ સામે આવ્યા છે. જેમાં એક યુવાન યાર્ડમાં નોકરી પુરી કરીને ઘરે જતો હતો ત્યારે રસ્તામાં વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. બીજી ઘટનામાં હૃદય રોગના હુમલાથી એક પ્રૌઢનું બેભાન હાલતમાં એક યુવાનનું મોત થયું હતું. ચોથા બનાવમાં એક યુવાનને તાવની સારવાર માટે દાખલ કરાયા બાદ હાથમાં બાટલાની સોઇ રહી જતાં તબીયત બગડતાં ઓપરેશન બાદ મોત થતાં ડોક્ટરની બેદરકારીનો આક્ષેપ કરાયો હતો. જ્યારે એક વૃધ્ધાનું રવેશમાંથી પટકાતાં મોત થયું હતું.



પ્રથમ ઘટના પર નજર કરીએ તો વાહન અકસ્માતનો બનાવ કેશોદમાં માર્કેટ યાર્ડ પાસે બન્યો છે. મોટર સાઇકલ સ્લીપ થઇ જતાં તેત્રીસ વર્ષના યુવાનનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કેશોદમાં માંગરોળ રોડ પર જુની વાડી વિસ્તારમાં રાધે માર્બલ સામે રહેતો તેત્રીસ વર્ષનો પાર્થભાઇ રમેશભાઇ પાનસુરીયા પાંચમી તારીખે રાતે બારેક વાગ્યે યાર્ડ પાસે બાઇક હંકારીને જતો હતો ત્યારે બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં કેશોદ, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ હતો.

પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કેશોદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પાર્થભાઇ માતા-પિતાનો એકનો એક દિકરો હતો. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્ર છે. તે કેશોદ યાર્ડમાં નોકરી કરતો હતો. રાતે નોકરી પુરી કરી ઘરે જવા નીકળેલ ત્યારે આ બનાવ બન્યો હતો. એકના એક આધારસ્તંભ દિકરાના મૃત્યુથી પાનસુરીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજા કિસ્સા પર નજર કરીએ તો શહેરના કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાછળ શિવધામ સોસાયટી-૧માં રહેતાં કમલેશભાઇ જેન્તીભાઇ ભટ્ટી નામના પંચાવન વર્ષના પ્રૌઢ રાતે અગીયારેક વાગ્યે ઘરે હતાં ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર કમલેશભાઇ ચાર ભાઇમાં વચેટ હતાં.

કમલેશભાઇને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે કારખાનામાં કામ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. ત્રીજા બનાવમાં કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે કનૈયા ચોકના સત્યાવીસ વર્ષના મનોજભાઇ બીપીનભાઇ ચૌધરી નામના યુવાનને તે રાતે બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે ભીમરાવનગર-૧માં રહેતાં ગોપાલ નારણભાઇ જાદવ નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાનને તાવ આવતો હોઇ ગુંદાવાડી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો ત્યારે બાટલા ચડાવાયા હોઇ તેની સોઇ હાથમાં જ રહી જતાં અને રજા આપી દેવાતાં બાદમાં ફરીથી આ યુવાનને સારવાર માટે દાખલ કરાતાં ઓપરેશન કરી સોઇ કાઢવામાં આવ્યા બાદ તેની તબિયત વધુ બગડતાં મૃત્યુ થયું છે. તબિબી બેદરકારીનો પરિવારજનોએ આક્ષેપ કરતાં મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું છે. ભીમરાવનગર-૧માં રહેતાં ગોપાલ જાદવને તાવ આવતો હોઇ ગત ૩૦/૧૧ના રોજ સવારે ગુંદાવાડી હોસ્પિટલમાં લઇ જવાતા દાખલ કરાયો હતો. પછી રજા અપાતાં ઘરે ગયા બાદ તારીખ ૨/૧૨ના રોજ ફરીથી ગુંદાવાડીમાં દાખલ કરાયો હતો. એ પછી રજા અપાતાં ૪/૧૨ના રોજ હાથમાં સખત દુઃખાવો થતાં તપાસ કરતાં હાથમાં સોઇ રહી ગયાનું જણાતાં ફરીથી ગુંદાવાડીમાં દાખલ કરાતાં તબિબે ઓપરેશન કરી સોઇ કાઢવી પડશે તેમ કહેતાં ઓપરેશન કરાયું હતું.

પછી ફરીથી ઘરે લઇ જવાયો હતો. ૧/૧૨ના ફરી તબિયત ખુબ બગડતાં અને ઝાડા-ઉલ્ટી થઇ જતાં ફરીથી ગુંદાવાડી હોસ્પિટલમાં સવારે સાડા આઠે દાખલ કરાયો હતો. ત્યાંથી સાવરે સાડા દસેક વાગ્યે સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. અહિ ગત સાંજે ૮મીએ તેનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર ગોપાલભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો અને કારખાનામાં કામ કરતો હતો. તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. સગા-કુટુંબીએ આ બનાવમાં તબિબની બેદરકારીનો આક્ષેપ હોવાનું કહેતાં આજીડેમ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ ફોરેન્સિક નિષ્ણાંત દ્વારા કરાવ્યું હતું. ઓપરેશનની બેદરકારીને લીધે મૃત્યુ થયું કે બિમારી કે બીજા કારણે તેની તપાસ પોલીસ કરી રહી છે.

જ્યારે અપમૃત્યુના વધુ એક બનાવમાં જામનગર રહેતાં ગંગાબેન મોહનસિંગ લુહાર નામના એંસી વર્ષના વૃધ્ધા સાંજે છએક વાગ્યે ગાયત્રીનગર જલારામ ચોક ભક્તિનગર સર્કલ પાસે પૌત્ર વિરૂ પ્રસાદભાઇ નેપાળીના ઘરે હતાં ત્યારે પહેલા માળે રવેશમાંથી પડી જતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ગંગાબેન દિકરા સાથે જામનગર રહેતાં હતાં, ચારેક દિવસ પહેલા ત્યાંથી રાજકોટ પૌત્રના ઘરે આવ્યા હતાં. સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ પરમાર, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, રવિભાઇએ જાણ કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આમ વધુ પાંચ અપમૃત્યુની ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

### લગ્નવાંચ્છુઓને છેતરી લેનારી ટોળકીઓ એક ભુલો ત્યાં બીજી હાજર

# કન્યા બતાવી રૂપિયા કટકટાવી લીધા પછી દીધો ઠેંગો

## મહિલાએ પોતાની ભત્રીજી બતાવી તેની સાથે પરણવા માટે નાણા લઇ લીધાઃ પછી લગ્ન કરાવશું એમ કહી બધાને રવાના કર્યા બાદ ફોન બંધ કરી દીધોઃ ચાર વિરૂધ્ધ ફરિયાદ

રાજકોટ, તા. ૯
લગનવાંચ્છુઓને છેતરવાના બનાવો રાજ્યભરમાં બની રહ્યા છે. આ પ્રકારના કિસ્સાઓમાં પોલીસ અગાઉ લૂંટેરી દૂલ્હન અને ટોળકીઓને પકડી ચુકી છે. આમ છતાં નવા નવા ગઠીયાઓ આ રીતે ઠગાઇ કરી રહ્યા છે. વધુ એક બનાવમાં લગ્નની લાલચ આપી યુવાન સાથે ઠગાઇ થતાં ટોળકી સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. બીજા બનાવમાં બેંકમાં મુકેલા ઘરેણા બેંકમાંથી છોડાવવાના નામે પોણા ત્રણ લાખની ઠગાઇ થઇ છે.

વિગતો ૫ રનજર કરીએ તો લગ્નની લાલચ આપી છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ભાવનગરના યુવાનને લગ્નની લાલચ આપી કંજોડાના ચાર શખ્સોએ રૂ.૪૫,૦૦૦ની છેતરપિંડી આચરી છે. આ બનાવ અંગે યુવકે ફરિયાદ નોંધાવતા નડિયાદ રૂરલ પોલીસે યુવતી સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ભાવનગર કાલીયા બીટમાં રહેતા પરેશ શાંતિભાઇ હિંગુ જે ચોત્રીસ વર્ષનો છે અને દરજી કામ કરે છે. પરેશભાઈના કાકા અશોકભાઈ કલ્યાણસિંહ હિંગુ કપડવંજમાં રહે છે. અશોકભાઈને કોઈએ કહ્યું હતું કે કંજોડામાં રહેતી યુવતીના લગ્ન કરવાના છે. જેથી તેમના ભત્રીજાને વાત કરતા પરેશભાઈ હિંગુ તેમના કાકાના ઘરે કપડવંજ આવ્યા હતા.

જ્યાંથી તેઓ કંજોડા ગામે ગયા હતા. ત્યારે ભગાભાઈ વાદીએ પ્રીતિબેન ઘનશ્યામભાઈ ચૌહાણ નામની યુવતીની મુલાકાત કરાવી હતી. ભગાભાઈએ આ યુવતી પ્રીતિબેન તેમની ભાણી છે અને પોતાની સાથે રહેતી હોવાનું જણાવ્યું હતું. આ યુવતીને યુવક પસંદ આવતા લગ્ન કરવાની હા પાડી હતી અને લગ્ન કરવાનું નક્કી થયું હતું. ત્યારબાદ ભગાભાઈ વાદી તેમના પત્નિ, ઈશ્વરભાઈ કેશવદાસ સાધુ અને પ્રીતિબેન યુવકના કાકાના ઘરે આવ્યા હતા. જ્યાં તેઓને લગ્ન કરાવી આપવા પૈસાની માગણી કરી ધીરે ધીરે રૂપિયા ૫૩ હજાર પડાવ્યા હતા. જેમાંથી રૂપિયા આઠ હજાર પરત આપી આપ્યા હતા. બાદ પ્રીતિબેન તેમજ



બીજી ઘટનામાં બેંકમાંથી ઘરેણા છોડાવી દેવાના નામે પોણા ત્રણ લાખની ઠગાઇ

ઈશ્વરભાઈ સાધુએ તેમના સંબંધી ગુજરી ગયા હોવાથી દોઢ મહિના પછી લગ્ન કરવાની વાત કરી હતી.

પરંતુ બાદમાં લગ્ન ન કરાવ્યા હતા અને ફોન પણ બંધ આવતો હતો. આમ લગ્ન કરવાની લાલચ આપી લગ્ન ન કરાવી કંજોડાના ચાર શખ્સોએ ભાવનગરના યુવક સાથે છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે પરેશની ફરિયાદ આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે પ્રિતીબેન ઘનશ્યામભાઈ ચૌહાણ, ભગાભાઈ વાદી, ભગાભાઈની પત્ની, ઈશ્વરભાઈ કેશવદાસ સાધુ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ પ્રકારની ઠગાઇ સતત થતી રહે છે. જેમાં આ વધુ એક બનાવ ઉમેરાયો છે.

બીજી ઘટના જોઇએ તો અમરેલીમાં રાજકોટના સોની વેપારીને બેંકમાં મુકેલ ઘરેણા છોડાવવાના બહાને નાણાં મેળવી રૂપિયા ૨.૮૫ લાખની યુવકે છેતરપીંડી આચરી હતી. યુવકના ખાતામાં નાણાં મળતાની સાથે જ બેંકમાંથી દાગીના છોડાવવાનું કહી એક્ટીવા લઈ રફુચક્કર થયો હતો. રાજકોટના રૈયા રોડ પર પાલ્મ યુનિવર્સ બિલ્ડીંગમાં રહેતા અને સોનીકામ કરતા પિયુષભાઈ જમનાદાસ જગડા સાથે અમરેલીમાં છેતરપીંડી થઈ હતી. પિયુષભાઈ જગડાએ અમરેલીના હિમાંશુ પરમાર સામે સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તે બેંકમાં મુકેલા ઘરેણા છોડાવી ખરીદી કરે છે.

અમરેલીના હિમાંશુ પરમાર નામના શખ્સે તેને ફોન કરી પોતાના ઘરેણા બેંકમાંથી છોડાવવા માટેનું કહી અમરેલી બોલાવ્યા હતા. ત્યારબાદ અમરેલીના જેસીંગપરા શિવાજીચોક ખાતે ઘરેણા છોડાવવાના બહાને હિમાંશુ પરમારે પિયુષભાઈ પાસેથી રૂપિયા ૨,૩૦,૦૦૦ ઓનલાઈન અને રૂપિયા ૫૫,૦૦૦ બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. આ પછી એક્ટીવામાં બેસાડી બેંક પાસે પિયુષભાઈ જગડાને ઉભા રાખી હિમાંશુ પરમાર નાસી ગયો હતો. અહીં રૂપિયા ૨,૮૫,૦૦૦ની છેતરપીંડી થયાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા એએસઆઈ એસ. બી.સૈયદ તપાસ ચલાવી રહ્યા છે.

### ગઠીયાઓ ગમે તેના ગરીયા ફેરવી નાંખેઃ ઘણીવાર પોતાના જ કરી જતાં હોય છે શિકાર

# ધર્મના ભાઈએ બેનડીને લગાવ્યો ૧૦ લાખનો ચૂનો

## બિઝનેસમાં ભાગીદારીની લાલચ આપી મરણમુડી પડાવી લીધીઃ કહેવાતા ભાઇને શોધી રહી છે પોલીસઃ બીજી ઘટનામાં સિનીયર સીટીઝનનું એટીએમ કાર્ડ બદલી લઇ છેતરપીંડી



રાજકોટ, તા. ૯

ગઠીયાઓ ગમે તેના ગરીયા ફેરવી નાખતા હોય છે. ઘણીવાર તો આવી ઘટનાઓમાં ઘરના જ કે પરીચીતો જ ઘાતકી બનતા હોય છે. વધુ એક ફ્રોડની ઘટનામાં એક મહિલાને બીઝનેસમાં ભાગીદાર બનાવી નફો આપવના નામે ધર્મના ભાઈએ દસ લાખ પડાવી લીધા છે. બીજી ઘટનામાં સિનીયર સીટીઝનનું એટીએમ કાર્ડ બદલી ફ્રોડ કરવામાં આવ્યું છે.

વિગતો જોઈએ તો વડોદરાની આ ઘટના છે. જેમાં ધર્મની બહેનને બિઝનેસમાં ભાગીદાર બનાવી ૧૦ લાખ પડાવી લેનાર વેપારી સામે લક્ષ્મીપુરા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમતા એમ. આઇ.જી. લેટમાં રહેતા પ્રેમીલાબેન રશ્મીકાંતભાઇ ઉપાધ્યાયે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, અમે સુલતાનપુરા ગોલવાડ કાતે રહેતા હતા.તે સમયે અમારા પાડોશમાં મહેન્દ્રભાઇ રમણલાલ સોની રહેતા હતા. ત્યારથી અણારી તેઓની સાથે ઓળખાણ થઇ હતી. તેઓ અંકુર મશીનરી સ્ટોર્સ નામથી મશીનરી પાટ્ર્સનો ધંધો કરતા હતા. તેઓ અવારનવાર અમારા ઘરે આવતા હોઇ અમારા વચ્ચે ભાઇ બહેનનો સંબંધ હતો.

ત્યારબાદ મારા પતિનું અવસાન થતા અમે તે મકાન ખાલી કરીને બીજે રહેવા જતા રહ્યા હતા. ત્યારબાદ અમને આવાસ યોજનામાં મકાન મળતા અમે ત્યાં રહીએ છીએ. મહેન્દ્રભાઇએ મને કહ્યું હતું કે, તમારી પાસે કેટલી મૂડી છે ? હું તમને કોઇ રોકાણ કરાવી આપું. મારા ધંધામાં ભાગીદાર બનાવું આપણે ભાઇ બહેન ધંધો કરીશું. તેમના પર વિશ્વાસ હોઇ મેં તેઓને દસ લાખ રૂપિયા આપ્યા હતા. તેમણે આણંદમાં એક દુકાન ભાડે લઇ આપી હતી. તેમાં કોઈ સામાન ભરતા નહતા. અમને કાલી દુકાનમાં બેસાડતા હતા. અમારો સમય બગડતો હોઇ પૈસા પરત માગ્યા હતા. ત્યારબાદ તેમણે બેંક વ્યાજ જેટલી રકમ દર મહિને આપવાનું કહી કુલ ૧.૮૦ લાખ આપ્યા હતા. અમારી મૂડી પરત આપી નહતી. તેમજ કરારની કોઇ શરતનું પાલન કર્યું નહતું. તેમ ફરિયાદમાં જણાવાતાં તપાસ શરૂ થઇ છે.

બીજી તરફ એટીએમ સેન્ટરમાં પૈસા ઉપાડવા ગયેલા સિનિયર સિટિઝનનું કાર્ડ ગઠિયાએ બદલી લઇ બીજું કાર્ડ આપી દીધું હતું. ત્યારબાદ ગઠિયાએ ૭૫ હજાર વિડ્રો કરી લીધા હતા. છાણી રોડ ઝેવિયર નગર સોસાયટીમાં રહેતો અંકિત વિનોદભાઇ મેકવાન ગેંડા સર્કલ પાસે શો રૂમમાં નોકરી કરે છે. ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,ગત ૧ લી તારીખે સવારે ૧૧ વાગ્યે મારા પિતાજી વિનોદભાઇ મેકવાન પૈસા ઉપાડવા માટે છાણી રોડ સિદ્ધાર્થ એલીગેન્સના એટીએમમાં ગયા હતા. મારા પિતાએ કાર્ડ નાખ્યું હતું. પરંતુ, ટ્રાન્જેક્શન ફેઇલ થયું હતું.

તેમની સાથે ભેલી વ્યક્તિને મારા પિતાએ કાર્ડ આપ્યું હતું. જેથી, તેણે પૈસા ઉપાડવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ,ટ્રાન્જેક્શ ફેઇલ થતા મારા પિતાજી ઘરે આવી ગયા હતા. મને કાર્ડ પરત આપ્યું હતું. ત્યારબાદ હું નોકરી જતો રહ્યો હતો.મારા એકાઉન્ટમાંથી સતત ત્રણ દિવસ સુધી ૭૫ હજાર વિડ્રો થઇ ગયા હતા. જેના કોઇ મેસેજ આવ્યા નહતા. ત્યારબાદ જાણ થઇ હતી કે, મારા પિતાજીએ જે વ્યક્તિને કાર્ડ આપ્યું હતુ તેણે કાર્ડ બદલી નાખ્યું હતું અને તેણે મારા પિતાજી પાસેથી લીધેલા કાર્ડ પરથી રૂપિયા વિડ્રો કરી લીધા હતા. આમ ઠગાઇની વધુ બે ઘટના સામે આવી ગઇ હતી.

# દાગીના છોડાવવાના નામે કર્યા ૧૫.૬૦ લાખ હજમ

## અયોધ્યા ચોકમાં ફાયનાન્સ પેઢી ચલાવતો શખ્સ રોકડા લઈ ગયો, સામે ધાબડી દીધા નકલી ઘરેણાઃ ગાંધીગ્રામ પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટ, તા. ૯

ગામના ગરીયા ફેરવવાવાળા માત્ર ઓનલાઇન જ શીકાર કરે એવુ નથી, લાખો કરોડોની ઓફિસ લઇને બેઠા હોય એવા પણ ગઠીયાગીરી કરી લેતાં હોય છે. આ વાતની સાબીતી આપતી ઘટના રાજકોટમાં બની છે. શહેરમાં અયોધ્યા ચોક પાસે આવેલા ટ્રેડર્સના શો રૂમ ઉપર સાતમા માળે ફાયનાન્સની ઓફિસ ધરાવતાં શખ્સે સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા એક કર્મચારીનેગીરવે મુકેલુ સોનું વેચવાના બહાને બોલાવી રૂપિયા પંદર લાખ સાંઇઠ હજાર રોકડા લઈ સોનાના બદલે નકલી-ખોટા હોલમાર્કવાળા ઘરેણાં ધાબડી દીધા હતાં!



**જેને ગામના ગરીયા ફેરવવા છે તે ઓનલાઇન જ કળા કરે એવુ નથી, લાખોની ઓફિસોમાં પણ આવા મળી રહે**

ઠગાઈની આ સમગ્ર ઘટના પર નજર કરીએ તો ગાંધીગ્રામ પોલીસે સાધુ વાસવાણી રોડ પર અજંતા પાર્ક એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧માં રહેતાં મુળ બનાસકાંઠાના વતની અને રાજકોટમાં હીમત ગોલ્ડ સેન્ટરમાં નોકરી કરતાં ભગવાનસિંહ બળવંતસિંહ રાજપૂત નામના સત્યાવીસ વર્ષના યુવાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે અયોધ્યા ચોકમાં ક્રિશા ફાયનાન્સ નામની પેઢી ચલવતા પંકજ કિશોરભાઈ વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરી છે. ભગવાનસિંહ રાજપૂતે ફરિયાદમાં જણાવ્યા મુજબ તા. ૨૪/૧૧ના રોજ મારી સાથે કામ રતાં ચંદનસિંહ જાલમસિંહ રાજપૂતને અમારી અમદાવાદ ખાતેથી હેડ ઓફિસથી ફોન આવ્યો હતો કે સુરેન્દ્રનગર લીમડીના લાલજીભાઈ ખોડાભાઈ જોગરાણા નામના ગ્રાહકે ગીરવે મુકેલું આશરે ૧૭૭.૮૦ ગ્રામ સોનું વેચાણ કરવાનું છે.

આ પછી અમારી ૩૬૫-સીઆરએમ નામની એપ્લીકેશનમાં ચંદનસિંહને ડીટેઇલ આવી હતી. બાદ ૨૫/૧૧ના રોજ લાલજીભાઇનો ફોન ચંદનસિંહને આવ્યો હતો અને સોનાના ઘરેણા વેંચવા બાબતે તથા એડ્રેસ અને વજન બાબતે વાત કરી હતી. આ પછી ચંદનસિંહ બહારગામ ગયા હોઇ ૨૬/૧૧ના રોજ ૧૫૦ રીંગ રોડ અયોધ્યા ચોક પાસે બપોરે ત્રણેક વાગ્યે લાલજીભાઇ જોગરાણાને મળવાની વાત થતાં હું અને કર્મચારી ભગવાનસિંહ ઘરેણા લેવા ચંદનસિંહની સુચના મુજબ ગયા હતાં. લાલજીભાઇ સતત ફોનમાં વાત ચાલુ રાખી ઘરેણા છોડાવવાની પ્રોસીઝરની વાત કરતાં હતાં. આગલા દિવસે ગોવિંદસિંહ રાજપૂત અમારી અમદાવાદ ખાતેની ઓફિસેથી ૧૬ લાખ રોકડા લઇ આવ્યા હતાં. આ રોકડા રૂપિયા અમારી પાસે હતાં. બાદ હું અને ભગવાનસિંહ તથા મારા મિત્ર રામદેવભાઇ હીરાભાઇ ફાંગલીયા એમ ત્રણેય ક્રિશા ફાયનાન્સ ઓફિસ જે ૧૫૦ રીંગ રોડ અયોધ્યા ચોક પાસે આવેલી છે ત્યાં સાતમા માળે ઓફિસ નં. ૭૦૩ ખાતે ગયા હતાં.

ત્યાંથી અમે લલાજીભાઇ જોગરાણાને ફોન કરતાં લાલજીભાઇ વેગનઆર લઇને આવ્યા હતાં અને ઘરેણા છોડાવવાની વાત કરી હતી. બાદમાં લાલજીભાઇ અને ગોવિંદસિંહ અમને ક્રિશા ફાયનાન્સ ઓફિસમાં લઇ ગયા હતાં. જ્યાં ઓફિસના માલિક પંકજભાઇ કિશોરભાઇ વાયા હાજર હતાં. આ પછી લાલજીભાઇએ પોતે ગીરવે મુકેલા ઘરેણાની અસલ પહોંચ પંકજભાઇ વાયાને આપી હતી. તેણે ઘરેણાનો હિસાબ કરી અમારી પાસે રૂા. ૧૫,૬૦,૦૦૦ રોકડા માંગ્યા હતાં. આ રકમ મેં લાલજીભાઇને આપતાં તેણે પંકજભાઇને રકમ આપી દીધી હતી. આ પછી પંકજભાઇએ તેના કોઇ માણસને આ રકમ આપી દીધી હતી અને કહ્યું હતું કે-જા લાલજીભાઇના ઘરેણા લોકરમાંથી છોડાવી લાવ. એકાદ કલાક પછી તેનો માણસ પ્લાસ્ટીકની કોથળી લઇને આવ્યો હતો.

જેમાં ઘરેણા હતાં. પંકજભાઇએ પોતાની ઓફિસમાં રહેલા વનજકાંટામાં ઘરેણાનું વજન કરતાં ૧૭૭.૯૦ ગ્રામ થયું હતું. એ પછી તેણે ઘરેણાથી કોથળી લાલજીભાઇને આપી હતી. આ પછી લાલજીભાઇએ ઘરેણાની કોથળી તેના પેન્ટના ખિસ્સામાં મુકી દીધી હતી અને બધા ત્યાંથી નીકળી ગયા હતાં. બહાર નીકળી મને લાલજીભાઇએ ઘરેણા બતાવતાં તેના પર ૨૨ કેરેટના હોલમાર્ક હતાં. જેથી મેં મારી પાસે રહેલા કસોટી પથ્થરથી તમામ ઘરેણા ઘસી જોતાં તે ખોટા જેવા લાગતાં મેં લાલજીભાઇને કહેલું કે આપણે સોની પાસે ટચ કઢાવવું પડશે. આથી અમે મોટરસાઇકલ પર બેસી સોની બજારમાં ગયા હતાં. જ્યાં ઘરેણા ચેક કરાવતાં ખોટા હોવાનું જણાયું હતું. આથી તુરતં અમે ક્રિશા ફાયનાન્સમાં ગયા હતાં ત્યારે પંકજભાઇ ત્યાં હાજર નહોતાં.

આ પછી તેને અમે ફોન કરીને વાત કરી ઘરેણાની અમારે જરૂર નથી, રૂપિયા પાછા આપી દો તેમ કહેતાં પંકજભાઇએ હવે હાલમાં રૂપિયા નથી, કાલે બપોરે ત્રણ વાગ્યે આવજો તમારા રૂપિયા આપી દઇશ તેમ કહ્યુ હતું. અમે બીજા દિવસે પણ ત્યાં ગયા હતાં. પરંતુ ત્યારે ક્રિશા ફાયનાન્સ ઓફિસ બંધ હતી. લાલજીભાઇએ અને મેં વારંવાર પંકજભાઇને ફોન કર્યા હતાં પણ ફોન રીસીવ થયો નહોતો. બાદ અમે અમદાવાદ ઓફિસ ખાતે જાણ કરતાં ફરિયાદ નોંધાવવા કહેવાયું હતુ. આમ અમારા ગ્રાહકના ૧૫ લાખના ઘરેણાની લોન પેટે ક્રિશા ફાયનાન્સના સંચાલક અને તેના માણસે અમારી પાસેથી રોકડા રૂા. ૧૫,૬૦,૦૦૦ મેળવી લઇ તેની સામે ખોટા હોલમાર્કવાળા ઘરેણા ધાબડી દઇ ઠાઇ કરી હતી. તેમ વધુમાં ભગવાનસિંહે જણાવતાં ગાંધીગ્રામના ઇન્સપેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. વી. જાડેજાએ ફરિયાદ દાખલ કરી ઠગાઇ કરનારાની શોધખોળ આદરી હતી.

### સોશિયલ મિડીયાનો ઉપયોગ આજે અનિવાર્ય છે પણ સંતાનો શું કરે છે તેના પર નજર રાખવી જરૂરી

# DJએ છાત્રાને ફસાવી આચર્યુ દૂષ્કર્મ!

## મવડી વિસ્તારના ઓગણીસ વર્ષના શખ્સે પંદર વર્ષની બાળાને ઈન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ બનાવી એક વખત ઘરે લઇ જઇ દેહ પીંખ્યોઃ પછી ભક્તિનગર સર્કલથી અપહરણ કરી અમદાવાદ લઇ ગયો, પરત લાવ્યોઃ સ્લીપર કોચ બસમાં ગુજાર્યો બળાત્કારઃ ભક્તિનગર પોલીસે કરી ધરપકડ

રાજકોટ, તા. ૯

કુમળા માનસ ધરાવતી વિદ્યાર્થીનીઓ કે જેની ઉમર સગીર વયની હોય છે તેને સોશિયલ મિડીયાના જુદા જુદા માધ્યમોને ફસાવી લઇ ફ્રેન્ડશીપ, લવશીપના રૂપકડા ઓઠા તળે આકર્ષિત કરી બાદમાં તેની સાથે ન કરવાનું કરી લેવામાં આવતું હોય છે. આવી ઘટનાઓ રાજકોટ સહિત રાજ્યભરમાં બનતી રહે છે. ત્યારે વધુએક ચોંકાવનારી અને વાલીઓ માટે લાલબત્તી સમાન ઘટના રાજકોટમાં સામે આવી છે. જેમાં ડીજે તરીકે કામ કરતાં મવડીના શખ્સે ઇન્સ્ટાગ્રામ મારફત ધોરણ-૧૦ની વિદ્યાર્થીનીને મિત્રતાની આડમાં ફસાવી બાદમાં પ્રેમનું નાટક કરી લગ્નની લાલચ આપી એક વખત પોતાની ઘરે લઇ જઇ બળાત્કાર ગુજારી લીધા બાદ ચોટીલાથી અમદાવાદ અને ત્યાંથી ફરી ચોટીલા સ્લીપર કોચમાં બસમાં આવ-જા કરી ચાલુ બસે બે વાર બળજબરી આચરી લેતાં ચકચાર મચી ગઇ છે. ગૂમ થયેલી બાળા મળી આવ્યા બાદ આ હકિકત સામે આવતાં વાલીઓ ખળભળી ગયા હતાં.



વિગતો પર નજર કરીએ તો રાજકોટની આ ઘટના છે. સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી બાળાઓ, છાત્રાોઓ, યુવતિઓ અને પરિણીતાઓને ફસાવી લેવાના કિસ્સામાં વધુ બનાવ સામેલ થઇ ગયો છે. મવડી વિસ્તારમાં આવાસ ટાઉનશીપમાં રહેતાં અને ડીજે વગાડવાનું કામ કરતાં ૧૯ વર્ષના શખ્સે ધોરણ-૧૦માં ભણતી પંદર વર્ષની બાળાને ઈન્સ્ટાગ્રામ મારફત ફ્રેન્ડ બનાવી ફસાવી તેનું સર્વસ્વ લૂંટી લેવાયુ છે. આ ઘટનામાં ભક્તિનગર પોલીસે ભોગ બનનાર પંદર વર્ષની બાળાના પિતાની ફરિયાદ પરથી મવડી વગડ ચોકડી પાસે આવાસ યોજના મીરાબાઇ ટાઉનશીપ બી-૨, ૮૦૭માં રહેતાં અને ડીજે તરીકે કામ કરતાં ઓગણીસ વર્ષના ગૌરવ વિનોદભાઇ ટાંક સામે અપહરણ-બળાત્કાર-પોક્સો હેઠળ ગુનો નોંધી તેને પકડી લઇ તપાસ હાથ ધરી છે. આરોપી શખ્સ ડીજે વગાડવાનું કામ કરે છે. જ્યારે ભોગ બનનાર બાળા ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ ઈન્સ્ટાગ્રામ થકી દોઢ બે વર્ષ પહેલા આ શખ્સે છાત્રાને મિત્ર બનાવી હતી અને તેનું શોષણ કર્યુ હોવાનો આરોપ મુકાયો છે. આ બનાવની ફરિયાદીએ જણાવ્યું છે કે મારે સંતાનમાં એક દિકરી છે જે પંદર વર્ષની છે. બે દિવસ પહેલા સાતમીએ હું કામેથી છુટીને ઘરે આવ્યો ત્યારે દિકરી ઘરમાં ન હોઇ મેં પત્નિને પુછતાં તેણીએ હું રૂમમાં સુતી હતી, જાગીને સાંજે સાડા પાંચેક વાગ્યે જોતાં પ્રિયા નહોતી, શોધખોળ કરવા છતાં તે મળી નથી. આ વાત જાણી મેં અને મારા પત્નિએ દિકરીની શોધખોળ ચાલુ કરી હતી પરંતુ મળી આવી નહોતી. બાદમાં ૮મીએ રાતે મારી દિકરી પરત ઘરે આવી જતાં અમે તેની પુછપરછ કરતાં તેણીએ કહ્યું હતું કે-૭મીએ સાંજે સાડા પાંચેક વાગ્યે હું ભક્તિનગર સર્કલ ખાતે ગઇ હતી. બાળાએ આગળ કહ્યું હતું કે સર્કલ ખાતે મારો ફ્રેન્ડ ગૌરવ ટાંક ઉભો હોઇ તે મને એક્ટીવામાં બેસાડી ચોટીલા લઇ ગયો હતો. બાદમાં સાંજે સાતેક વાગ્યે અમે ચોટીલા પહોંચી ગયા હતાં. જ્યાં ગૌરવે એક્ટીવા મુકી દીધુ હતુ અને ત્યાંથી તે મને અમદાવાદ ફરવા જઇએ તેમ કહી પ્રાઇવેટ સ્લીપર કોચ લક્ઝરી બસમાં મને બેસાડી હતી.

ચોટીલાથી બસ આગળ જતાં ગૌરવે કહેલું કે-આપણે લગ્ન કરી લઇશું. આ પછી તેણે ચાલુ બસમાં જ શરીર સંબંધ બાંધી લીધો હતો. આ પછી અમે રાતે અગીયારેક વાગ્યે અમદાવાદ પહોંચ્યા હતાં. જ્યાં ગૌરવએ મને જુદી જુદી જગ્યાએ ફેરવી હતી. આ પછી રાતે ત્રણેક વાગ્યે ગૌરવ અને હું અમદાવાદથી ચોટીલા આવવા ફરીથી એક સ્લીપર કોચ બસમાં બેઠા હતાં. ફરી વખત તેણે શરીર સંબંધ બાંધવાનું કહેતાં મેં તેને ના પાડી હતી. પરંતુ મને ગૌરવે તેની વાતોમાં લઇ ફરીથી શરીર સંબંધ બાંધી લીધો હતો. ત્યાં ચોટીલા આવી જતાં અમે ઉતરી ગયા હતાં. બાદમાં એક્ટીવા ચોટીલા રાખ્યું હોઇ ત્યાંથી સવારે નવેક વાગ્યે રાજકોટ તરફ આવવા નીકળ્યા હતાં. રાજકોટમાં પણ આઠમીએ સાંજ સુધી ગૌરવે મને અલગ અલગ જગ્યાએ ફેરવી હતી. પછી મને ઉતારીને ઘરે જવાનું કહી દીધુ હતુ. આ પછી અમે દિકરીને ફોસલાવીને પુછતાં તેણે ગૌરવ મવડી વગડ ચોકડીએ મીરાબાઇ ટાઉનશીપમાં રહેતો હોવાનું કહ્યું હતું.

આ ઉપરાંત અમારી દિકરીએ એમ પણ કહ્યું હતુ કે ગત જુન મહિનામાં પણ ગૌરવ મને તેના ઘરે લઇ ગયો હતો અને ત્યાં પણ લગ્નની લાલચ આપી મારી સાથે શરીર સંબંધ બાંધી લીધો હતો. આ રીતે મારી દિકરીને ફસાવીને દૂષ્કર્મ આચરી લેવાયુ હોઇ અમે ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતુ. તેમ વધુમાં ફરિયાદીએ કહેતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શનમાં એએસઆઇ એચ. કે. ડાંગર, નિલેષભાઇ મકવાણા સહિતે ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો. ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવના માર્ગદર્શનમાં આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. સોશિયલ મિડીયા થકી કઇ રીતે બાળાઓ, છાત્રાઓ લેભાગુની જાળમાં ફસાઇ જાય છે તેની વધુ એક વખત પ્રતીતિ કરાવતી આ ઘટના વાલીઓ માટે લાલબત્તી સમાન છે.

### હત્યા, હત્યાના પ્રયાસની સતત વધી રહેલી ઘટનાઓમાં વધુ એક ઉમેરો

# સગીરા પર દૂષ્કર્મ આચરી તેના કાકાની ક્રુર હત્યા

## હવસખોરીને લીધે બાળા સગર્ભા બની ગઈઃ તેની જાણ તેના કાકાને થઇ જતાં રોષે ભરાયેલા હવસખોર કહેવાતા પ્રેમીએ ખૂની ખેલ ખેલ્યોઃ કપડા બદલી લાશ હોસ્પિટલે લઇ ગયો પણ પોલ પકડાઇ ગઇ

રાજકોટ, તા. ૯

હત્યાની ઘટનાઓ અને દૂષ્કર્મની ઘટનાઓ રોજબરોજ રાજ્યના કોઈને કોઇ ગામ કે શહેરમાં સામે આવતી રહે છે. દરમિયાન એક ચોંકાવનારી ઘટના ઘટી છે જેમાં સગીરા સાથે દૂષ્કર્મ આચરનારા ઢગાએ સગીરાના કાકાને આ ઘટનાની જાણ થઇ જતાં તેની ક્રુરતાથી હત્યા કરી નાંખી હતી. આ પછી પોતે કંઇ જાણતો નથી એવુ સાબીત કરતાં હત્યાનો ભોગ બનનારના કપડા બદલી મૃતદેહને પોતે જ હોસ્પિટલે લઇ ગયો હતો. પરંતુ તેનો ભાંડો ફુટી ગયો હતો.

હત્યાની આ ચોંકાવનારી ઘટના પર નજર કરીએ તો અમદાવાદના મેઘાણીનગરમાં પ્રેમી યુવકે જાહેરમાં સગીરાના કાકાની છરીના ઘા મારીને હત્યા કરી હતી. આ મામલે પોલીસે ગુનો નોધીને આરોપીની ધરપકડ કરી હતી. જેમાં આરોપીએ સગીરા સાથે પ્રેમસંબંધ હોવાથી તેની સાથે દુષ્કર્મ આચરીને ગર્ભવતી બનાવી દવા આપી સારવાર કરાવી હતી. તેની જાણ સગીરાના કાકાને થતા હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ અંગે મેઘાણીનગર પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ આરોપી સામે બીજો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મેઘાણીનગરમાં આવેલા ભાર્ગવ રોડ પર ચાલતા ચાલતા મિત્ર સાથે જઈ રહેલા કાકાની ૧ નવેમ્બરની મોડીરાતે હત્યા કરવામાં આવી હતી. કાકા સંયુક્ત પરિવારમાં રહેતો અને નોકરી કરીને



ગુજરાન ચલાવતો હતો. કાકા ચાલતો હતો ત્યારે રામકુમારસિંગ ઉર્ફે છોટુ આવ્યો હતો અને પીઠ પર છરીના આડેધડ ઘા ઝીંકીને ફરાર થઈ ગયો હતો. સગીરાના કાકા લોહીથી લથબથ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ત્યારબાદ તેને હોસ્પિટલ ખસેડાતા તેનું સારવારમાં મોત થયું હતું. મેઘાણીનગરમાં સગીરાના કાકાની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે પીઆઇ વી.કે.દેસાઇની બાતમીના આધારે આરોપી રામકુમારસિંગ ઉર્ફે છોટુ રામનરેશસિંહ તોમરની ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે આરોપીની પૂછપરછ કરતા આરોપીએ જણાવ્યું કે સોળ વર્ષીય સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાની જાણ થઇ હતી.

જેના કારણે સગીરા ગર્ભવતી થઇ હતી. જો કે, રામકુમારસિંહે દવા આપી સારવાર કરાવી દીધી હતી. આ ઉપરાંત આરોપી અવાર નવાર સગીરાને જુદી જુદી જગ્યાએ લઇ જઇ બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે સગીરાની માતાની પોલીસે પુછપરછ કરતા સગીરાએ સમગ્ર મામલે ઘટસ્ફોટ કર્યો હતો અને આરોપીએ અવાર નવાર દુષ્કર્મ ગુજાર્યું હોવાનું સામે આવ્યું હતું. તેમજ સગીરાના કાકાને આ અંગે જાણ થતા રામકુમારસિંગે તેની હત્યા કરી હોવાનું સામે આવ્યુ હતું. આ અંગે સગીરાની માતાએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં આરોપી સામે પોક્સો, બળાત્કાર સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

વધુ માહિતી અનુસાર આરોપીની હત્યા કેસમાં પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. જો કે, તે કેસમાં કસ્ટડી થયા બાદ બળાત્કાર કેસમાં પોલીસ આરોપીની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી તપાસ કરાશે. પોલીસ ઇન્સ. વિજય દેસાઈએ જણાવ્યું હતું કે, આરોપી રીક્ષા લઈને હત્યાના દિવસે આવ્યો હતો. આરોપી છરી લઈને બનાવ સ્થળ પર અગાઉથી મૃતકની રાહ જોઈને ભો હતો. આરોપી બીએસસી મેથેમેટીક્સ ભણેલો હોવાથી પોલીસથી બચવા મિનિટોની ગણતરી કરીને પોલીસને ગોટે ચઢાવતો હતો. પરંતુ પોલીસે સીસીટીવી અને અન્યથી આરોપીની સઘન પૂછપરછ કરતા તેને ગુનાની કબૂલાત કરી હતી અને ભેદ ખુલ્યો હતો.

## શું હું આતંકવાદી છું, કહી કેજરીવાલનો સરકાર પર આરોપ

# અંગ્રેજો કરતાં પણ ભાજપની વધુ તાનાશાહી : કેજરીવાલ

### રાજકોટ મધ્યસ્થ જેલમાં ખેડૂતો-નેતાઓને મળવા ન દેવાતા રોષ : ભાજપ હમસે ડરતી હૈ ના જેલ બહાર લાગ્યા નારા

રાજકોટ, તા. ૯

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ ખેડૂતો અને પાર્ટીના નેતાઓને મળવા દેવામાં આવ્યા નથી. જેલ પ્રશાસને મળવાની મંજૂરી ન આપતાં અરવિંદ કેજરીવાલે ડ પર પોસ્ટ કરીને ગુજરાત સરકાર પર આક્ષેપ કર્યો છે. આ ઘટનાએ રાજકીય વાતાવરણ ગરમાવી દીધું છે. AAP કાર્યકર્તાઓએ હાલ જેલની બહાર ભાજપ હમ સે ડરતી હૈ નારેબાજી કરી હતી. કેજરીવાલે ગઈકાલે જ જેલ પ્રશાસન પાસે મુલાકાતની પરવાનગી માંગી હતી, પરંતુ મંજૂરી ન મળતાં જેલની બહાર AAP કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો છે અને સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. હાલ, જેલની એન્ટ્રી પણ બંધ કરી દેવામાં આવી છે. હાલ રાજકોટ મધ્યસ્થ જેલમાં હડદડ ખેડૂત આંદોલન સાથે જોડાયેલા AAP નેતા રાજુ કરપડા, પ્રવીણ રામ સહિત કુલ ૨૮ ખેડૂતો બંધ છે. કેજરીવાલ તેમને મળવા માટે જ આવ્યા હતા.

રાજકોટમા પત્રકાર પરિષદમાં કેજરીવાલે કહ્યું કે તેમણે જેલમાં બંધ લોકોને મળવાનું આયોજન કર્યું હતું, પરંતુ તેમને જાણી જોઈને આમ કરવાથી અટકાવવામાં આવ્યા. તેમણે પૂછ્યું, ''આનાથી વધુ સરમુખત્યારશાહી શું હોઈ શકે? શું હું આતંકવાદી છું?'' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અટકાયતમાં




લેવામાં આવેલા લોકો ગુનેગાર નહીં, પરંતુ ખેડૂતો હતા.

કેજરીવાલે કહ્યું કે તેમણે ગયા દિવસે પરવાનગી માંગી હતી, પરંતુ સવારે તેમને કહેવામાં આવ્યું કે તેમને જેલમાં બંધ ખેડૂતોને ''મળવાની મંજૂરી'' આપવામાં આવી નથી. ઐતિહાસિક સરખામણી કરતા તેમણે કહ્યું, ''જ્યારે ભગતસિંહને અંગ્રેજોએ કેદ કર્યા હતા, ત્યારે પણ તેમના સાથીઓને તેમને મળવાની મંજૂરી આપવામાં આવી હતી. શું આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ ફક્ત અંગ્રેજો કરતાં પણ વધુ ક્રૂર અને દમનકારી સરકારનો સામનો કરવા માટે સ્વતંત્રતા માટે લડ્યા હતા?''

કેજરીવાલે આરોપ લગાવ્યો કે પોલીસે ''ખેડૂતોનું મનોબળ નીચું કરવા'' માટે જામીનની તારીખો પર કોર્ટ સુનાવણીમાં ઈરાદાપૂર્વક હાજરી આપી ન હતી. ધરપકડ કરાયેલા ૮૮ માંથી ૪૨ લોકોને જામીન આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તેઓ જેલમાં બંધ અને તાજેતરમાં છૂટેલા લોકોના પરિવારોને મળ્યા હતા અને કહ્યું હતું કે, ''તેમની વાર્તાઓ કોઈપણને રડાવી દેશે.'' તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અટકાયત કરાયેલા ખેડૂતોને પાણી, ખોરાકથી વંચિત રાખવામાં આવ્યા હતા અને ૨૪ કલાક સુધી માર મારવામાં આવ્યો હતો. ''ભાજપ શું ઈચ્છે છે? ભગવાનથી ડરો,'' તેમણે કહ્યું, ''ભારે દબાણ'' હોવા છતાં તેમને મળેલા પરિવારોને સલામ કરતા. ''હું ફક્ત આ કહેવા માંગુ છું - એક દિવસ, ગુજરાતના લોકો સરકાર સામે ઉભા થશે.''

જોકે, મંજૂરી ન હોવા છતાં કેજરીવાલ ખેડૂતોને મળવા માટે પ્રયાસ કરશે તેવી અટકળો હતી. આ સંજોગોમાં રાજકોટ મધ્યસ્થ જેલની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. કેજરીવાલ સવારે ૧૧ વાગ્યે જેલમાં બંધ ખેડૂતો અને AAP નેતાઓને મળવા જવાના હતા, પણ મંજૂરી ન મળતા તેમની આ મુલાકાત થઈ શકી નથી. ગુજરાતની ભાજપ સરકાર પર આકરો પ્રહાર કરતાં કેજરીવાલે કહ્યું હતું કે ''અંગ્રેજોના સમયમાં ભગત સિંહ જેલમાં હતા ત્યારે પણ તેમના સાથીદારોને મળવા દેવામાં આવતા હતા, પરંતુ ગુજરાતમાં ભાજપ સરકાર અંગ્રેજો કરતાં પણ વધુ તાનાશાહી બની ગઈ છે. મને મારા જ ગુજરાતના ખેડૂતોને જેલમાં મળવા નથી દેવામાં આવી રહ્યો.'' કેજરીવાલે આ નિવેદનથી ભાજપ સરકારને સીધી રીતે અંગ્રેજી શાસન સાથે સરખાવીને મોટો રાજકીય વિવાદ ઊભો કરી દીધો છે. ગુજરાતમાં કડદાપ્રથાનો ખેડૂતોએ શાંતિપૂર્ણ વિરોધ કર્યો હતો, પરંતુ પોલીસે લાઠીચાર્જ કર્યો અને પછી ઘર્ષણ થયું. ૮૮ ખેડૂતોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા, જેમાંથી માત્ર ૪૨ને જ જામીન મળ્યા, બાકીના ૪૬ હજુ જેલમાં છે. જે ખેડૂતોને જામીન મળ્યા, તેમની સુનાવણીમાં પોલીસ કોર્ટમાં હાજર જ ન રહી એનો અર્થ એ થયો કે પોલીસને પણ ખબર છે કે આ કેસમાં કોઈ તથ્ય નથી.'' કેજરીવાલે વધુમાં કહ્યું કે ''ખેડૂતો અને તેમનાં પરિવારજનોએ મને કહ્યું કે જેલમાં પ્રથમ ૨૪ કલાક તો પીવાનું પાણી પણ આપવામાં આવ્યું ન હતું. આ ગુજરાતના ખેડૂતો સાથેનું વર્તન નહીં, ગુજરાતના ખેડૂતો સાથેનો અન્યાય છે.''

---

#### સેન્ટ્રલ ઝોનના છ, ઈસ્ટઝોનના ચાર અને વેસ્ટઝોનના એક સર્કલ માટે ટેન્ડર પ્રસિદ્ધ

# મનપા સોરઠીયા વાડી સહિત ૧૧ સર્કલો કરશે ડેવલપ

રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણેય ઝોનમાં અલગ અલગ વિસ્તારોમાં આવેલા ટ્રાફિક સર્કલો જન ભાગીદારીથી ડેવલપ કરવા માટે અવાર નવાર વહિવટી પ્રક્રિયા હાથ ધરાય છે.

આ મુજબ સેન્ટ્રલ ઝોન ઈસ્ટ ઝોન અને વેસ્ટઝોનમાં આવેલા ૧૧ સર્કલો જનભાગીદારીથી ડેવલપ કરવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આમાં સેન્ટ્રલ ઝોનના છ, ઈસ્ટઝોનના ચાર અને વેસ્ટ ઝોનનું એક સર્કલ ડેવલપ કરાશે.

રાજકોટ શહેરનાં ઈસ્ટ, સેન્ટ્રલ તથા વેસ્ટ ઝોનનાં મુખ્ય રસ્તાઓ પર આવેલ સોરઠીયા વાડી સર્કલ (૮૦ ફૂટ રોડ), જલગંગા ચોક (સંતકબીર રોડ), સેટેલાઈટ ચોક (પેડક રોડ), બાલક હનુમાન ચોક, (પેડક રોડ) આહીર સર્કલ (નહેરૂનગર ૮૦ ફુટ રોડ), માધાપર મેઈન રોડ-એઈમ્સ હોસ્પિટલ વાળું જંકશન સર્કલ, સ્વ. નારણભાઈ ફુગસિયા ચોક, (વોર્ડ ઓફીસ ૩-ડ સામે



રેલનગર), સ્વામિનારાયણ ચોક, (કૃષ્ણનગર મેઈન રોડ), કોલસાવાડી સર્કલ (ગેબનશાહ પીર રોડ,) બાપા સીતારામ ચોક,( મવડી રોડ), પટેલ ચોક, (હરી ઘવા રોડ) પર આવેલ સર્કલ જનભાગીદારીથી પાંચ વર્ષ માટેના ઓપરેશન અને મેઈંટેનન્સ સાથે ડેવલપ કરવામાં આવશે.

આમાં સોરઠિયાવાડી અને કોલસાવાડી ગેબનશા પીરરોડ પરના સર્કલ ફૂવારાની ડિઝાઈન સાથે ડેવલપ કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા દરેક સર્કલની અપસેટ વાર્ષિક પ્રિમીયમ રકમ નિયત કરી છે. આમાં સૌથી વધુ સેન્ટ્રલ ઝોનમાં સોરઠીયા વાડી સર્કલની રૂ.ચાર લાખ છે. આવી જ રીતે, ઈસ્ટ ઝોનમાં જલગંગા ચોક સંત કબીર રોડની રૂ.૧.૫૧ લાખ, ઈસ્ટઝોન સેટેલાઈટ ચોક પેડક રોડની રૂ. ૧.૭૮ લાખ, ઈસ્ટઝોનમાં બાલક હનુમાન સર્કલ પેડક રોડના રૂ. ૧.૫૧ લાખ, ઈસ્ટઝોનના આહિર સર્કલ નહેરૂનગર ૮૦ ફૂટ રોડની રૂ. ૧.૫૧ લાખ, સેન્ટ્રલ ઝોનમાં માધાપર મેઈન રોડ એઈમ્સ જંકશન સર્કલના રૂ.૧.૫૧, સ્વ. નારણભાઈ કુંગસિયા ચોક વોર્ડ નં.૩ (ડ) સામે રેલનગરના રૂ.૧.૫૧નું વાર્ષિક પ્રિમીયમ નક્કી કરાયું છે.

આવી જ રીતે, સેન્ટ્રલ ઝોનમાં સ્વામિનારાયણ ચોક કૃષ્ણનગર મેઈનરોડનું વાર્ષિક પ્રિમીયમ રૂ.૨.૫૧ લાખ નિયત કરાયું છે. જ્યારે સેન્ટ્રલઝોનમાં જ કોલસાવાડી સર્કલ (ગેબનશા પીર રોડ)નું રૂ. ૧.૫૧ લાખ વેસ્ટઝોનમાં આવેલા બાપા સિતારામ ચોક મવડીના રૂ. ૨.૫૧ લાખ તેમજ સેન્ટ્રલ ઝોનમાં પટેલ ચોક (હરી ઘવા રોડ)ના રૂ. ૧.૫૧ લાખનું વાર્ષિક પ્રિમીયમ નક્કી કરાયું છે.

---

# ફાયર વિભાગની ૪૨ જગ્યાઓની ભરતી રદ

### કોર્ટ મેટર થતા મનપાય લીધો નિર્ણય : અરજદારોમાં રોષ, ફી અપાઈ પરત

રાજકોટ, તા. ૯

રાજકોટનો વિસ્તાર વાદ સતત વધી રહ્યો છે ત્યારે જરૂરી એ છે કે ફાયર સહિતની તમામ સુવિધાઓ રાજકોટના લોકોને મળતી રહે. હાલ આ બાબતે પાયલ વિભાગ દ્વારા ફાયર અધિકારીઓની નિમણૂક કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો અને ૪૨ જગ્યા ભરવા માટે ઉમેદવારો પાસેથી અરજીઓ પણ મંગાવવામાં આવી હતી પરંતુ કોઈ કારણોસર હાલ આ ભરતી અટકાવી દેવામાં આવી છે જેને લઈને અનેકવિધ પ્રશ્નો ઊભા થયા છે. આ અંગેની જાહેરાત થતા જ અરજદારોમાં ભારે ઉહાપો મચી ગયો છે.



મહાનગરપાલિકા દ્વારા આ ૪૨ જગ્યાઓ માટે જાન્યુઆરી મહિનામાં જાહેરાત કરવામાં આવી હતી અને ઓનલાઇન અરજીઓ પણ મંગાવવામાં આવી હતી જેમાં ડિવિઝનલ ઓફિસર તથા સ્ટેશન ઓફિસર અને સબ ફાયર ઓફિસર સહિતની કુલ ૪૨ જગ્યાઓ માટે અરજી કરાઈ હતી. જે બાદ હાલ ફી ભરી ઈન્ટરવ્યૂ પણ અરજદારોએ આપ્યા હતા પરંતુ અચાનક જાહેરાત રદ થતાં ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે ખાસ તો શું કારણ તે અંગે હજુ સુધી કોઈ તથ્ય સામે આવ્યું નથી.

મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં થયેલ ૪૨ કર્મચારીઓની ભરતી અચાનક રદ કરાતા ઓનલાઇન અરજી કરેલ અનેક ઉમેદવારોમાં દેકારો બોલી ગયો છે. ભરતી રદ કરવાની પ્રક્રિયા મુદ્દે તંત્રએ જણાવેલ કે, ભરતી સમયે અલગ અલગ પોસ્ટ માટે જે નિયમો હતો તેમા સરકાર દ્વારા સુધારો કરી નવા નિયમનો ઉમેરો કરવામાં આવ્યો છે. તેવી જ રીતે અમુક ઉમેદવારો દ્વારા લાયકાતમાં છુટછાટ આપવામાં આવે તે પ્રકારની રીટ કરી કોર્ટમાંથી સ્ટે લેવામાં આવેલ. આથી કોર્ટ મેટર થતા તમામ ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં સરકારે સુચવેલા નવા નિયમો મુજબ નવી ભરતી માટેની તારીખ જાહેર કરવામાં આવશે.મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં ડિવિઝન ઓફિસરની ૪ તથા સ્ટેશન ઓફિસરની ૩ સબ ફાયર ઓફિસરની ૩૫ સહિતની કુલ ૪૨ જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી મંગાવ્યા બાદ તંત્ર દ્વારા અચાનક ભરતી રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે .

હાલ જે વિગતો મળી રહી છે તેમાં સરકાર દ્વારા નિયમોમાં ફેરબદલ કરવામાં આવ્યા હોવાનું પણ જણાયું છે પરિણામ સ્વરૂપે આવનારા સમયમાં ફરી વખત આ અંગે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેવા નિર્દેશો મળ્યા છે. આગામી દિવસોમાં આ અંગે રાજકારણ ઘરમાં તો પણ નવાઈ નહીં પરંતુ અચાનક સરકાર દ્વારા જે નિયમો બદલવામાં આવ્યા અને જે લાયકાત માટે જે છૂટછાટ આપવા અંગે જે કોર્ટ મેટર થઈ છે તે માટે ઘણાખરા પ્રશ્નો ઉભા થયેલા છે અને અંતે અરજદારોએ હેરાન થવાનો વારો આવ્યો છે.

---

## નવા નક્કોર ડામર રોડ પણ બન્યા બિસ્માર

# મનપાના પદાધિકારીઓ-અધિકારીઓમાં સંકલનનો અભાવ

### થાગડ થિગડ કે ડામર રિકાર્પેટ બાદ પણ રોડ રસ્તાની ભંગાર હાલતઃ અનેક સ્થળે મોતના ખાડાં : વાહન ચાલકોને માર્ગો પરથી નીકળવું મુશ્કેલઃ રાજકોટને જોડતા નેશનલ હાઈવે પર વાહનો ગોથું ખાય જાય તેવા મહાકાય ખાડાંઃ મરામતની જવાબદારી કોની..?

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકામાં જાણે ભ્રષ્ટાચારની ગંગોત્રી વહેતી હોય તેમ અધિકારી આ ગંગોત્રીમાં હાથ સાફ કરવા માટે પ્રજાની મુશ્કેલીનો વિચાર કરતા નથી. મહાનગરપાલિકા દ્વારા શહેરના ૧૮ વોર્ડમાં ચાલતી ડીઆઈ પાઈપલાઈનની કામગીરી દરમિયાન જ ચોમાસું શરૂ થઈ જતાં શહેરના તમામ રાજમાર્ગો અને મુખ્યમાર્ગોની હાલત લપસિયા જેવી બની ગઈ હતી. આ સામે શહેરીજનોએ અનેકવાર આક્રોશ સાથે રેલી, રસ્તારોકો અને ચક્કાજામ જેવા કાર્યક્રમો આપીને પોતાનો રોષ વ્યકત કર્યો હતો. આ પછી જાગેલા મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમિન ઠાકરે મિડિયા સમક્ષ નવરાત્રી પહેલા શહેરના તમામ રાજમાર્ગો અને મુખ્યમાર્ગો પર પેચવર્ક કરીને ખાડાં બુરવાનું અભિયાન અને દિવાળી બાદ નવા ડામરરોડ બનાવવાની કામગીરી શરૂ કરવાની ગાઈ વગાડીને જાહેરાત કરી હતી. પણ, મહાનગરપાલિકાના તંત્ર વચ્ચે જ સંકલનનો અભાવ હોય તેમ કે પછી ભ્રષ્ટાચારની ગંગોત્રી વહેતી રાખવી હોય તેમ એક તરફ માંડ ખાડાં બુરીને રોડ રસ્તા ડામરથી મઢવાનું શરૂ થાય છે કે તુરંત જ બીજી તરફ, મહાનગરપાલિકાના જ અન્ય વિભાગો દ્વારા ભૂગર્ભ, ડ્રેનેજની કામગીરી કરીને રોડ સસ્તાની હાલત જેમ હતી તેમ જ કરી નાખવામાં આવે છે.

માત્ર મહાનગરપાલિકા જ નહીં પણ, વીજ કંપની, ગેસ કંપની કે પછી બીએસએનએલ જેવી મોબાઇલ કંપનીઓ દ્વારા પણ કેબલ પાથરવા માટે આડેધડ રોડ રસ્તાનું ખોદકામ કરવામાં આવતું હોય શહેરીજનોને ખાડામાર્ગમાંથી ક્યારેય મુક્તિ મળે તેવું લાગતું નથી.

શહેરના આંતરિક રાજમાર્ગો મુખ્ય માર્ગો કરતાં રાજકોટને જોડતાં નેશનલ હાઈવેની હાલત તો શહેરના રોડ રસ્તા કરતાં પણ ખરાબ છે.

નેશનલ હાઈવે પર મોતના ખાડાંમાંથી સલામત રીતે પસાર થતી વખતે વાહનચાલકોને શિયાળામાં પણ પરસેવો છૂટી જાય છે. નેશનલ હાઈ વેના મહાકાય ખાડાં અને ધુળિયા માર્ગની હાલત ગામડાના માર્ગો કરતાં પણ બદતર છે. નેશનલ હાઈવેની મરામતની જવાબદારી કોની ? એ વિવાદ વચ્ચે અટવાયેલા તંત્રના કારણે

નાગરિકોને પરેશાન થવું પડે છે. રાજકોટ



મહાનગરપાલિકા દ્વારા શહેરના ૧૮ વોર્ડમાં ડી. આઈ. પાઈપલાઈનની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. ચોમાસા પહેલા આ કામગીરી શરૂ કરાયા બાદ જે વોર્ડ વિસ્તારોમાં ડીઆઈ પાઈપલાઈન પથરાઈ ગઈ હોય ત્યાં રોડ રસ્તાનું પેચવર્ક થાય એ પહેલા ચોમાસું શરૂ થઈ જતાં શહેરીજનોની મુશ્કેલીમાં વધારો થયો હતો. એક તો પાઈપ લાઈનના કામગીરી બાદ ખાડાં બુરવા પેચવર્ક કરવાને બદલે ખાલી માટીના થર કરી દેવાયા હતા. એમાં ચોમાસું શરૂ થતાં માટીની ચિકાશ રોડ રસ્તા પર ફેલાતાં વાહનચાલકોની પરેશાની વધી હતી.

આ સામે અનેક વિસ્તારોમાં વિરોધ રેલી, ચક્કાજામ અને રસ્તા રોકો બાદ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમિન ઠાકરે ત્રણેય ઝોનના સિટી ઈજનેરોને બોલાવી ચર્ચા બાદ નવરાત્રી પહેલા જાહેર માર્ગો અને મુખ્યમાર્ગો પરના ખાડાં બુરવા પેચવર્ક કરવાની જાહેરાત કરી દીધી હતી. પણ નવરાત્રીમાં જ ફરી વરસાદ આવતાં આ કામગીરી અટકાવી દેવી પડી હતી. અને દિવાળી સુધીમાં મુખ્યમાર્ગો ડામરથી મઢવાની જાહેરાત કરવામાં આવી હતી. અલબત, આ જાહેરાત મુજબ જ્યાં નેતાઓ અને શાસકો રહેતા હોય કે તેમનો મત વિસ્તાર હોય તેવા વિસ્તારોના રોડ રસ્તાઓ ડામરથી મઢવાની શરૂઆત કરીને મહાનગરપાલિકાએ સોશિયલ મિડીયા પર તેનો પ્રચાર પણ શરૂ કરી દીધો હતો.

પણ, રોડ રસ્તા રી કાર્પેટ કરીને ટનાટન બનાવવાની આ કામગીરીને મહાનગરપાલિકાની જ અન્ય શાખાઓનું ગ્રહણ નડી ગયું હતું. બાંધકામ શાખા સાથે વોટર વર્કસ, ડ્રેનેજ, સહિતની શાખાઓના સંકલનના અભાવે જે વિસ્તારોમાં ડામર રીકાર્પેટ કરવામાં આવ્યા છે તે વિસ્તારોમાં બાંધકામ શાખાની જાણ બહાર રોડ રસ્તા ખોદી નાખવામાં આવ્યા છે. માત્ર મહાનગરપાલિકા જ નહીં પણ પીજીવીસીએલ, ગેસ કંપની અને બીએસએનએલ જેવી મોબાઈલ કંપનીઓ પણ મહાનગરપાલિકાની જાણ બહાર ખાડાં ખોદીને કામગીરી કરે છે.

જો કે, મહાનગરપાલિકાના સુત્રો એવું કહે છે કે, આવી કંપનીઓ કામગીરી કરતાં પહેલા રોડ રસ્તાની મરામત કરવા માટે અગાઉથી જ નાણાં ભરપાઈ કરી દે છે. આથી જો કોઈ સરકારી, અર્ધ સરકારી કે ખાનગી કંપનીઓ રોડ રસ્તા ખોદી નાખે તો તેની મરામત મહાનગરપાલિકાએ કરવાની રહે છે. અલબત આવાં અનેક કિસ્સામાં આવી મરામત થતી નથી. એ વાત અલગ છે. આવી જ સ્થિતિ ડ્રેનેજ અને વોટર વર્કસની કામગીરીમાં પણ છે.

મહાનગરપાલિકાના જ આ વિભાગો હોવાછતાં પણ સંકલનનો અભાવ છે. રોડ રસ્તા બન્યા બાદ ભૂગર્ભ ગટરના ઢાંકણાં રસ્તામાં ઉંડા ઉતરી જતાં હોય તેનું લેવલિંગ કરવા નવા નક્કોર ડામર રોડ

ખોદી નાખવામાં આવે છે. અને વેસ્ટ મટિરિયલ રોડ પર રાખી મુકવામાં આવે છે. શહેરના અનેક રાજમાર્ગો અને મુખ્યમાર્ગોની જેમ નેશનલ હાઈવેની સ્થિતિ પણ ખરાબ છે. કોઠારિયાથી ગોંડલ ચોકડી તરફ જતાં હાઈવે અને સર્વિસ રોડ ગામડાના ધુળિયા રસ્તાને પણ સારા કહેવા પડે તેવા છે.